આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૬ • અંક : ૨
સળંગ અંક : ૧૦૨૬
મે-૨૦૨૬



નામ : વર્મા શ્રેયા એસ.

# કમાવાની આદત

ગ્રીસ દેશના ઍથેન્સ નગરમાં ક્લિંથિસ નામનો બાળક નિશાળમાં અભ્યાસ કરતો હતો. આ અત્યંત ગરીબ બાળકના શરીર પરનાં કપડાં સાવ ફાટેલાં હતાં. એને દિવસના બે ટંક ભોજન પણ મળતું નહોતું. આવું હોવા છતાં દર મહિને એ નિયમિત રૂપે નિશાળની ફી ભરતો હતો. અભ્યાસમાં એટલો તેજસ્વી હતો કે બીજા વિદ્યાર્થીઓ એની ઈર્ષા કરતા હતા. કેટલાક સુખી વિદ્યાર્થીઓને તો થયું કે અત્યંત ગરીબ ક્લિંથિસ પાસે પહેરવાનાં પૂરતાં કપડાં નથી, તેમ છતાં નિશાળની ફી કઈ રીતે નિયમિતરૂપે ભરે છે? નક્કી, એ ક્યાંક ચોરી કરીને પૈસા લાવતો હશે. એની ઈર્ષા કરતા કેટલાક ધનિક વિદ્યાર્થીઓએ એના પર ચોરીનું આળ લગાડીને એને પકડાવી દીધો.

અદાલતમાં એનો કેસ ચાલ્યો. ન્યાયાધીશે ક્લિંથિસને પૂછ્યું, ત્યારે એણે નિર્ભય થઈને કહ્યું, ‘‘હું ચોરી કરતો નથી અને મારી વાતની પુષ્ટિ રૂપે બે સાક્ષીઓને હાજર કરવા ઇચ્છું છું.’’

ન્યાયાધીશે સાક્ષીઓને બોલાવવાની મંજૂરી આપી, ત્યારે એણે પહેલાં સાક્ષીના રૂપમાં એક માળીને બોલાવ્યો. માળીએ કહ્યું કે, આ છોકરો રોજ વહેલી સવારે મારા બગીચામાં આવીને કૂવામાંથી પાણી ખેંચી આપે છે અને બગીચાને પાણી પાય છે, એના બદલામાં હું એને થોડા પૈસા આપું છું. બીજા સાક્ષીના રૂપમાં એક વૃદ્ધ નારી આવી. એણે કહ્યું કે એના ઘરમાં કોઈ નથી એટલે આ બાળક આવીને રોજ મારી ઘંટીમાં અનાજ દળી આપે છે અને થોડા ઘણા પૈસા આપે છે.

ન્યાયાધીશ આ ગરીબ, મહેનતુ બાળકની સચ્ચાઈની કમાણીની વાત સાંભળીને પ્રસન્ન થયા અને કહ્યું કે ક્લિંથિસ ઇચ્છે તો હવે પછીના એના અભ્યાસનો તમામ ખર્ચ ભોગવવા તેઓ તૈયાર છે.

વિદ્યાર્થી ક્લિંથિસે ન્યાયાધીશની આ વાતનો સાદર અસ્વીકાર કરતાં કહ્યું કે હવે એને મહેનત કરીને કમાવાની આદત પડી ગઈ છે.

– કુમારપાળ દેસાઈ

# ઘરશાળા

વર્ષ : ૮૬ મે ૨૦૨૬ અંક : ૨ સળંગ અંક : ૧૦૨૬

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧ | **સંપાદકીય** | |
| | જ્યોતીન્દ્રભાઈ દવે | ૫ |
| ૨ | **શિક્ષણનું અધ્યાત્મ** | |
| | અરૂણ દવે | ૭ |
| ૩ | **પંખીકુળનું માણસ** | |
| | ઈશ્વરભાઈ પરમાર | ૧૬ |
| ૪ | **નંદીદુર્ગ** | |
| | કાકાસાહેબ કાલેલકર | ૨૧ |
| ૫ | **શ્રીમાન જીમ કૉર્બેટનું ભારત - પ્રકરણ-૬** | |
| | રાજેન્દ્ર દવે | ૨૬ |
| ૬ | **ટાગોર - એક રાજકીય ચિંતન** | |
| | નિરંજન ભગત | ૩૧ |
| ૭ | **સ્વસ્થ, સુરક્ષિત ભાવિ સમાજના નિર્માણ માટે કેળવણીમાં શિસ્તનું અનિવાર્ય...** | |
| | ડી. એચ. અમીન | ૩૮ |
| ૮ | **શિક્ષણ સમાચાર** | |
| | અશોક સોમપુરા | ૪૦ |
| ૯ | **સંસ્થા સમાચાર** | |
| | | ૪૨ |

**સ્થાપક તંત્રીઓ**

હરભાઈ ત્રિવેદી

રઘુભાઈ નાયક, જશીબહેન નાયક

**તંત્રીઓ**

જ્યોતીન્દ્રભાઈ દવે

સજુભા ઝાલા

**સહતંત્રી**

અશોકભાઈ સોમપુરા

**વ્યવસ્થા અને સંકલન**

કે. ડી. પટેલ

ભૃગેશ તપોધન

**પરામર્શન**

અમિતાબહેન પાલખીવાલા

**ઘરશાળા કાર્યાલય સરનામું**

**સરસ્વતી વિદ્યામંડળ**

**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ**

**સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮**

**ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭**

**મોબાઈલ : ૯૨૨૭૭૫૨૫૨૩, ૮૩૪૭૯૦૦૭૯૨**

**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છાપનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

email : gharshala@saraswatividyamandal.org

website : www.saraswatividyamandal.org/publication

**લવાજમ અંગેની માહિતી**

| લવાજમ | | ભારત | | પરદેશ |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિકના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઇલ નંબર-૯૨૨૭૭૫૨૫૨૩/૮૩૪૭૯૦૦૭૯૨ પર અચૂક જાણ કરવી.

ઓનલાઇન માધ્યમથી લવાજમ મોકલવા માટે :

બેંકનું નામ : બેંક ઑફ બરોડા

ખાતા નંબર : ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭

ખાતાનું નામ : ઘરશાળા માસિક

આઈ.એફ.એસ.સી. કોડ : **BARB0SARASP.** (Fifth character is zero)

# સંપાદકીય



- જ્યોતીન્દ્રભાઈ દવે

## શિક્ષણમાં ફી નિયમન

આ સદીની શરૂઆતમાં ગુજરાતના શિક્ષણજગતમાં ખાનગીકરણનો વ્યાપ વધ્યો. વ્યાપારીકરણને લીધે સ્વનિર્ભર શાળાઓએ વિવેક વગર ફી વધારો કર્યો. પરિણામે ગુજરાત સરકારે સ્વનિર્ભર શાળાઓની ફીનું નિયમન ૨૦૧૭થી શરૂ કર્યું. શિક્ષણનું વ્યાપારીકરણ થયું ત્યારથી શિક્ષણમાં ફીના વાજબીકરણ ઉપર ચર્ચા અને વિવાદો થયા છે. ''સા વિદ્યા યા વિમુક્તયે'' મુક્તિ અપાય તે વિદ્યા. પરંતુ હવેનું શિક્ષણ મુક્તિ અપાવતું નથી. આથી નિયમન શિક્ષણનું એક પાસું બની ગયું છે. આ નિયમન સરકારે અને સમાજે સ્વીકાર્યું છે, તે કડવું સત્ય છે. પરિણામે શિક્ષણે સામાજિક સેવાના સ્થાને વ્યવસાયિક સેવાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે સમાજે જ શિક્ષણને વેપાર તરીકે સ્વીકાર્યો છે, ત્યારે શિક્ષણમાં વ્યાપારી તત્ત્વો આવે જ. વેપાર હોય ત્યાં નફો-નુકસાન, રોકાણ-વળતર વગેરે આવે. આ હિસાબી માનસિકતાને કારણે શિક્ષણના મૂળભૂત સ્તંભો - વાલી, વિદ્યાર્થી અને શિક્ષકનું એક યા બીજા પ્રકારે શોષણ થવાનું જ, એ નિર્વિવાદ છે. આ શોષણને અટકાવવા માટે સરકારે નિયમન કરવું જ પડે. અને જ્યારે સરકાર નિયમન કરે છે ત્યારે અનેક અનર્થો થયા છે, તે આપણો અનુભવ છે. શિક્ષણની સ્વાયત્તા અને પ્રયોગશીલતાને ગીરો મૂકવી જ પડશે. આ પણ એક કડવું અને હાનિકારક સત્ય છે. તો હવે નિયમન કેવી રીતે થવું જોઈએ, જેથી શિક્ષણના મૂળ સત્વ અને તત્ત્વને નુકસાન ન થાય તે વિચાર માંગી લે તેવો પ્રશ્ન છે. હાલમાં આપણે ચર્ચા ફી - ના સંદર્ભમાં જ કરીશું.

શિક્ષણમાં નાણાંકીય વ્યવહારોના માપદંડ અંગે કોઈપણ સ્પષ્ટ નથી. કયો ખર્ચ વાજબી અને કયો ખર્ચ બિન વાજબી તે અંગેના અધિકૃત અથવા અભ્યાસપૂર્ણ માપદંડો નથી. પરિણામે વાર્ષિક ૧,૫૦,૦૦૦/- લાખ ફી ને પણ વાજબી ઠરાવી શકાય અને ૧૫૦૦૦/- ની મર્યાદા પછી ૧૬૦૦૦/- કે ૧૭૦૦૦/- ની ફીને અમાન્ય પણ કરી શકાય. આ પરિસ્થિતિ છેલ્લા ૭/૮ વર્ષથી આપણે અનુભવીએ છીએ. તો પછી વાજબી ફીનું ''મેટ્રિક'' શું? આપણી પાસે આ અંગેના કોઈ ચોક્કસ માપદંડો નથી. શિક્ષણમાં આ માપદંડ બનાવવા તે જટિલ કાર્ય છે. ગુજરાત સરકારના જુદા જુદા ત્રણ FRC વચ્ચે પણ માપદંડો, એકસૂત્રતાનો અભાવ છે. શિક્ષણમાં કેટલો ખર્ચ વાજબી છે, તે તો શિક્ષણશાસ્ત્રી જ નક્કી કરી શકે. શિક્ષણ પાછળ કેટલો ખર્ચ કરી શકે તે વાલી પોતે જ નક્કી કરી શકે. આપણે આ સરળ સત્યને ગૂંચવી નાંખ્યું છે. ગ્રાહક અને વેપારીના સંબંધોને કારણે ગ્રાહકને ઓછી કિંમતમાં સારો માલ જોઈએ છે અને વેપારીને વધુ કિંમત લઈ ગમે તે માલ પધરાવવો છે. આ દ્વંધ વચ્ચે સરકાર અને

શિક્ષણ વ્યવસ્થા ઝાંવા-મારે છે. જે શિક્ષણ માટે હિતકારી નથી અને સરકારનું આ કામ પણ નથી. જેની જેવી ક્ષમતા Ability to Pay એ જ સિદ્ધાંત જ આ સમસ્યાનો ઉકેલ છે.

શિક્ષણની ફીનું નિયમન એ વસ્તુના ભાવ નિર્ધારણ જેટલું સરળ નથી. સરકારનું આ કામ પણ નથી. દરેક વર્ગને અનુકૂળ હોય અને આર્થિક રીતે પોસાય તેવી શાળાઓ આપણી પાસે છે. માટે શિક્ષણ ફીનો એક જ સિદ્ધાંત હોવો જોઈએ. Ability to Pay. જેની જેવી ફી આપવાની ક્ષમતા તે મુજબની જ શાળા પસંદ કરવી. શાળા શિક્ષણનો વેપાર નથી કરતી. શાળા તો સંસ્કાર અને માનવ ઘડતરનું કામ કરે છે. તેના ભાવ રૂપિયામાં ન હોઈ શકે. સરકાર અને સમાજ આ વાસ્તવિકતા સ્વીકારે અને દેશના તમામ નાગરિકોને એક સરખું, ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તે માટેની વ્યવસ્થા જ આ પ્રશ્નનો ઉકેલ છે.

❀ ❀ ❀

## ઝાઝી કીડીઓ સાપને તાણે

ગામને પાદર એક મંદિર હતું. લોક મંદિરે દર્શન કરવા આવે તે, સાથે લોટ લાવે. કીડીયારાં પૂરે. મંદિરની આજુબાજુ કીડીઓના કીડીયારાં વધી ગયાં. ત્યાં મંદિરમાં પેસવા એક સાપ આવ્યો. લાગ જોવા છુપાઈને ઊભો, ત્યાં સાપ નીચે ઘણી કીડીઓ દબાઈ. જે કીડી દબાઈ તે સાપને ચટકા ભરવા લાગી. જોત જોતામાં અનેક કીડીઓ આવી સાપને ચટકા ભરવા લાગી. ચટકા ભરાતાં સાપ તેમને ખંખેરવા ધમ પછાડા મારે. કીડીઓ દબાતાં દબાયેલ કીડીઓને બચાવવા અનેક કીડીઓ સાપને વળગી, સાપ કીડીઓથી ઢંકાઈ ગયો. તે વધુ પછાડા મારવા લાગ્યો. પછાડાથી તે લોહીલુહાણ થઈ ગયો. ત્યારપછી અનેક કીડીઓ આવી. સાપ અધમૂવો થઈ ગયો.

કીડી પોતાના વજનથી ૬૦ ઘણું વજન ખેંચી શકે છે. ઝાઝી કીડીઓ મળી, સાપને ખેંચવા લાગી. અંતે સાપ મરી ગયો. કીડીઓ ઝાઝી મળી સાપને મંદિરથી દૂર દૂર ખેંચી જવા લાગી. આ જોઈ દર્શનાર્થીઓના મોમાંથી શબ્દો સરી પડ્યા, 'ઝાઝી કીડીઓ સાપને તાણે.'

**કાન્તિબીજ**

બહુ જન મળી જે કરે, તે એકે નવ થાય.
સાવરણી ઘર સાફ કરે, સળી એકે શું થાય?

**- કાન્તિલાલ જો. પટેલ**

❀ ❀ ❀

# શિક્ષણનું અધ્યાત્મ

- અરૂણ દવે

બ્રહ્માંડમાં રહેલી આશરે ત્રણસોથી ચારસો કરોડ જેટલી આશરે ચારસો એક અબજ જેટલા તારાઓ ધરાવતી આકાશગંગાઓ પૈકી આપણી આકાશગંગા (મિલ્કી વે)માં પણ અન્ય આકાશગંગાઓની જેમ તારાઓનો જન્મ, વિકાસ અને મૃત્યુની ઘટનાઓ સતત ઘટ્યા કરે છે. પાંચેક અબજ વર્ષનું આયુષ્ય ધરાવતા આપણા સૂર્યને તેનો બૃહદ પરિવાર પણ છે.

સૂર્યની ગ્રહમાળામાં સૂર્યથી અંતરની દૃષ્ટિએ ત્રીજા સ્થાને પંદરેક કરોડ કિ.મી. દૂર સ્થિર થયેલ પૃથ્વી એવી નસીબવંતી ગણાય છે કે તેને સૂર્યની ગરમી અને પ્રકાશ માફકસરનાં મળ્યાં કરે છે. પૃથ્વી ઉપરના સજીવ ઉદ્‌ભવનું મુખ્ય રહસ્ય પૃથ્વીનું સૂર્યથી યોગ્ય અંતરે સ્થિર થવું એ છે. પૃથ્વી સૂર્યની એટલી નજીક નથી કે સૂર્યની ગરમીથી દાઝી જાય, એટલી દૂર નથી કે ઠંડીથી થીજી જાય.

સૂર્યના જન્મ પછી ત્રણેક કરોડ વર્ષે ગ્રહોનો જન્મ થયો કે સૂર્યની સાથે જ થયો એ વિશે હજુ વૈજ્ઞાનિકો એકમત થયા નથી, પરંતુ મોટાભાગના વૈજ્ઞાનિકો એ વાતમાં સહમત થાય છે કે એક ધગધગતા ગરમ દડા જેવી પૃથ્વીને આકાર પકડતાં તેમજ તેના પરના જળ-સ્થળને સ્થિર થતાં એકાદ અબજ વર્ષ જેટલો સમય લાગ્યો છે.

આશરે આજથી ૩.૮૫ અબજ વર્ષ પહેલાં પૃથ્વી ઉપરની આવરણીય રચનાઓ સ્થિર થઈ. અલબત્ત એ સમયમાં વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ સવિશેષ હતું. આ આવરણીય રચનાને સ્થિર કરવામાં પૃથ્વીના ધરીભ્રમણ અને ગુરુત્વાકર્ષણે સવિશેષ ભાગ ભજવ્યો છે. વજનદાર ધાતુઓ કેન્દ્ર તરફ સ્થિર થઈ. જ્યારે હલકા વાયુઓ બહારની તરફ ફેંકાયા. મુક્ત પરમાણુઓ એકબીજા સાથે સંયોજન થઈ શકે તેવી સાનુકુળ પરિસ્થિતિ નિર્માણ થતાં વાતાવરણમાં રહેલા ઑક્સિજન, હાઈડ્રોજન, કાર્બન, નાઈટ્રોજન વગેરે જેવાં તત્ત્વો સંયોજાવા લાગ્યાં. સૂર્યપ્રકાશની ઉષ્મીય ઊર્જાથી વાતાવરણમાં પાણી, મિથેન, એમોનિયા, કાર્બનડાયોક્સાઈડ, હાઈડ્રોજન સાઈનાઈટ અને હાઈડ્રોજન વાયુ જેવા પ્રાથમિક સંયોજનો ઉત્પન્ન થવા લાગ્યાં અને પૃથ્વી પરના જમીન, સમુદ્રો, સરોવરો, તળાવો, ખાબોચિયાઓ, ખડકો, વાતાવરણ વગેરે ઘટકોમાં ધીમે ધીમે ભળવા લાગ્યા. પૃથ્વીના ધરીભ્રમણ પ્રમાણે ગુરુત્વાકર્ષણની અસર તળે આ કુદરતી ઘટકોમાં ભળેલા સંયોજનોએ કેટલાક કાર્બનિક સંયોજનો પણ તૈયાર કરી આપ્યાં. ધરતીકંપ, લાવારસ, સમુદ્રી તોફાન, વાવાઝોડું, વરસાદ, જળ-સ્થળની ઉથલપાથલ વગેરે જેવી કુદરતી ઘટનાઓએ આ કાર્બનિક સંયોજનો અને વાયુઓને તેમનાં સ્થાન અને પ્રમાણ એ સમયે સ્થિર કરી આપતાં, કેટલાક વિશેષ કાર્બનિક સંયોજનોનું નિર્માણ શક્ય બન્યું. આ કાર્બનિક સંયોજનોને જ પૃથ્વી પરની સજીવસૃષ્ટિના પ્રાગટ્ય માટેનો કાચો માલ

ગણવામાં આવે છે.

પૃથ્વી પરની જીવસૃષ્ટિની ઉત્પત્તિ માટે ઘણીબધી વૈજ્ઞાનિક અને ધાર્મિક માન્યતાઓ પ્રવર્તે છે. અસંખ્ય વૈજ્ઞાનિકો, ધર્મગુરુઓ, તત્ત્વચિંતકો અને વિચારકોએ આ રહસ્યમય રસિક કોયડાનો સચોટ જવાબ મેળવવા પ્રયત્નો કર્યા છે અને આજે પણ કરી રહ્યા છે. કેલ્વિન, પામ, સિડનીફોક્સ, ડૉ. ખોરાના અને સ્વાન્તે અરહેનિયસ જેવા વૈજ્ઞાનિકો દ્વારા રજૂ થયેલી વૈજ્ઞાનિક માન્યતાઓ પણ પ્રથમ જીવની ઉત્પત્તિ માટે લક્ષમાં લેવાતી હોવા છતાં આજે વધારે સરળ અને સચોટ રીતે વૈજ્ઞાનિક આધારોના કારણે ઓપેરન દ્વારા અપાયેલ ખુલાસાને મોટા ભાગના વૈજ્ઞાનિકોએ સ્વીકાર કરેલ છે.

કાર્બન ડાયોક્સાઇડસભર વાતાવરણમાં સૂર્યમાંથી વછૂટતા અલ્ટ્રાવાયોલેટ (નીલાતીત/પારજાંબલી) કિરણો પૃથ્વી ઉપર પથરાઈને પ્રાણને પ્રગટવા દેતાં નહોતાં. સમુદ્રની સપાટી ઉપર પણ આ જ પરિસ્થિતિ હતી, પરંતુ આ નીલાતીત/પારજાંબલી કિરણો સમુદ્રની સપાટીથી ત્રીસેક ફૂટ ઊંડે જતાં ક્ષીણ બની જતાં હતાં. આથી મહાસાગરો, તળાવો, સરોવરો, મોટા ખાબોચિયાંઓ, લાવારસ ઠરીને તેની સાથે ભળેલાં પાણી વગેરેમાં ત્રીસેક ફૂટની ઊંડાઈએ તૈયાર થયેલ કાર્બનિક સંયોજનો જે ઓગળેલાં હતાં જેવાં કે મિથેન, એમોનિયા, કાર્બન ડાયોક્સાઇડ અને હાઇડ્રોજન વગેરેમાં નીલાતીત/પારજાંબલી કિરણોએ જીવના સંચાર માટેની ઉષ્મીય ચેતના સીંચીને એમિનો ઍસિડ જેવા પ્રાથમિક જીવરસ (Primordial lifesoup) નું સર્જન કર્યું.

આમ, જીવના પ્રાગટ્ય માટેનો પ્રાથમિક પદાર્થ એમિનો ઍસિડ તૈયાર કરીને સર્જનહારે પૃથ્વી પરની જીવસૃષ્ટિના પ્રાગટ્યના શ્રી ગણેશ કર્યા. ૨૩ પ્રકારના એમિનો ઍસિડ જ્યારે યોગ્ય ક્રમમાં ગોઠવાય છે, ત્યારે એકકોષી જીવનો પાયારૂપ એકમજ ડીઓક્સીરીબો ન્યુક્લિઇક ઍસિડ DNA તૈયાર થાય છે. ૬ આંકડા મળે ત્યારે લોટરી લાગે છે! ત્યારે કુદરતે અહીં ૨૩ એમિનો ઍસિડ યોગ્યક્રમમાં ગોઠવી પ્રથમ DNA તૈયાર કર્યો!! કેટલા અબજો પ્રયત્નો પછી એ સફળતા મળી હશે, તેની કલ્પના કરવી રોમાંચક છે!

કાર્બનિક સંયોજનોનાં પાણીમાં ઓગળવાથી કલિલ અવસ્થા રચાવા લાગી. જૈવિક ગુણો ધરાવતા વિવિધ પ્રકારના જે પ્રોટોન અણુઓ DNA નાં સંયોજનથી પેદા થવા લાગ્યાં હતાં, તે કલિલ અવસ્થામાં એકરૂપ થવા લાગ્યા. આ એકરૂપ થવાની ઘટનાથી 'કૉએસર્વેટસ' નામના જીવંત બિંદુઓ પેદા થવા લાગ્યાં. આ 'કૉએસર્વેટસ'ને જન્માવીને કુદરતે આ ચૈતન્યસભર સૃષ્ટિને કલરવ કરતી કરવાનું કામ વિધિવત આરંભ્યું, એમ કહી શકાય.

પ્રારંભકાળમાં આ જીવન બિંદુઓ ('કૉએસર્વેટસ') માટે અત્યારનો પ્રાણવાયુ એ પ્રાણઘાતક હતો. સૂર્ય પ્રકાશમાંથી ઊર્જા મેળવતા આ જીવો વાતાવરણનો કાર્બન ડાયોક્સાઇડ તોડીને તેમાંથી કાર્બનનો ખોરાક તરીકે ઉપયોગ કરીને ઑક્સિજનને વાતાવરણમાં છોડતા હતા. આ જીવો વચ્ચે થતી અને વાતાવરણમાં બન્યા કરતી કેટલીક જૈવિક પ્રક્રિયાઓ અને અકસ્માતોના પરિણામે કોષ કેન્દ્રીય આદિજીવ પ્રોકેરિયોટિકનો જન્મ થયો.

વાતાવરણમાં વધતા જતા ઑક્સિજનના વિપુલ જથ્થાએ સજીવોની ઉત્ક્રાંતિમાં ભારે

મોટો ચમત્કારિક ભાગ ભજવ્યો, ઑક્સિજનની વિપુલતાથી કેટલાક જીવો ગુંગળાઈને મરી ગયા. કેટલાક જીવોએ ઑક્સિજનને સહન કરવાની ક્ષમતા કેળવી લીધી. જ્યારે અમુક ખાસ પ્રકારના જીવોએ આ ઑક્સિજનની સહાયથી પોતાના અસ્તિત્વને ટકાવી રાખવાની અદ્ભુત શક્તિ પ્રાપ્ત કરી.

બીજી ઘટના એ બની કે વાતાવરણમાંના ઑક્સિજનના ત્રણ પરમાણુઓના સંયોજનથી 'ઓઝોન' નામનો વાયુ પેદા થવા લાગ્યો. પૃથ્વી પરના નીલાતીત/પારજાંબલી કિરણોને અંતરિક્ષમાં જ રોકીને પૃથ્વી સુધી પહોંચવા જ ન દેવા નીલાતીત/પારજાંબલી કિરણોની ઉષ્મીય ઊર્જાથી ઑક્સિજન પરમાણુઓને સંયોજિત કરી, ઓઝોન વાયુ નિર્માણ કરી, પૃથ્વી પરનું ઓઝોન વાયુનું રક્ષક કવચ રચી આપી, પ્રકૃતિએ કૃપા વરસાવી છે. આ ઓઝોન સ્તરની હૂંફાળી ગોદડીથી પૃથ્વી પરનું જીવન ઝડપથી વિકસવું અને ટકવું શરૂ થયું. આ નીલાતીત/પારજાંબલી કિરણોની મદદથી જ નીલાતીત/પારજાંબલી કિરણોને પૃથ્વી ઉપર આવતા રોકવાની વ્યવસ્થાને કુદરતની કમાલ વ્યવસ્થા ગણાવાય છે. ઓઝોન સ્તરના રક્ષક કવચ સ્તરના લીધે પૃથ્વી પરની જીવસૃષ્ટિ ગરમીથી બળી જતી નથી કે ઠંડીથી થીજી જતી નથી.

આદિ કોષ કેન્દ્રીય 'પ્રોકેરિયોટિક' સજીવોને જીવતા રહેવા માટે ખોરાકની જરૂર ઊભી થઈ. આ ખોરાકની ઊભી થયેલી જરૂરિયાતે આ જીવોમાં ખેંચતાણ કરાવીને વિકૃતિ પેદા કરી. આ વિકૃતિનું પરિણામ એ આવ્યું કે કોષરચનામાં વિવિધ પ્રકારની અંગિકાઓ ઉદ્ભવી અને અનુકોષકેન્દ્રીય જીવો 'યુકેરિયોટિક' જન્મ્યા.

આજથી ત્રણેક અબજ વર્ષ પહેલાં જન્મેલા આ યુકેરિયોટિક સજીવકોષને જ પાયાના કોષ ગણાવાય છે કે જેમાંથી કાળક્રમે બે વિભાજન થયાં. જે યુકેરિયોટિક ઑક્સિજનને સહન કરી અન્ય પદ્ધતિથી પોતાનો ખોરાક ગ્રહણ કરવાની ક્ષમતા મેળવી શક્યાં, તેમાંથી પ્રાણી સૃષ્ટિ જન્મી, જ્યારે યુકેરિયોટિક સજીવકોષોએ ઑક્સિજનની સામે કાર્બનડાયોક્સાઇડની મદદથી પોતાના ખોરાકને જાતે પેદા કરી લેવાની ક્ષમતા મેળવી, તેમાંથી વનસ્પતિ સૃષ્ટિનો જન્મ થયો. નીલકણો નિર્માણ કરીને પોતાનો ખોરાક બનાવી લેવા ઉપરાંત આ સજીવોએ વાતાવરણમાં ઑક્સિજનનું સપ્રમાણ સાચવી રાખવાની બહુમૂલ્ય જવાબદારી પણ સ્વીકારી!

ઓઝોન સ્તરના રક્ષક કવચના પરિણામે નીલાતીત/પારજાંબલી કિરણોની તલવારથી બચી જઈ બીજા સજીવો ધીમે ધીમે પાણીની સપાટી ઉપર આવવા લાગ્યા અને વાતાવરણમાં ઑક્સિજનની સક્રિય ક્રિયાશીલતાથી સજીવોની વૃદ્ધિ ઝડપી બનવા લાગી. બહુ ઝડપથી જમીન ઉપર સજીવોનો ફેલાવો થવા લાગ્યો અને સજીવ ઉત્ક્રાંતિએ વેગ પકડ્યો.

આજથી બે અબજ વર્ષ પહેલાં સર્જનહારે પૃથ્વી ઉપરના જીવન અને પ્રાણવાયુ (ઑક્સિજન) વચ્ચેના સંબંધને એવી સ્થિતિમાં મૂકી આપ્યા છે કે આપણે કહેવું પડે કે વાતાવરણમાં ઑક્સિજન છે, કારણ કે પૃથ્વી ઉપર જીવન છે. પૃથ્વી ઉપર જીવન છે કારણ કે વાતાવરણમાં ઑક્સિજન છે!

આજથી એકાદ અબજ વર્ષ પહેલાં કાળક્રમે

યુકેરિયોટિક સજીવોમાંથી ઉત્ક્રાંતિવાદ પ્રમાણે વનસ્પતિસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિના એક પછી એક નરી આંખે દેખાતા સજીવોનું આગમન થયાનું વૈજ્ઞાનિકો સ્વીકારે છે. જે જીવો અનુકૂલન સાધી ન શક્યા તે જે તે કાળે નાશ પામ્યાનું પણ સમજાવાય છે. આ સજીવોને જીવતું રાખતું રસાયણ અને પર્યાવરણ ટચુકડા એવા બેક્ટેરિયાઓએ કમાલની ગોઠવણી કરીને સજીવસૃષ્ટિને જીવાડી છે. પ્રકાશસંશ્લેષણ, વાતજીવી શ્વસન અને આથવણ-સડવણની સમતુલિત ઘટના બન્યા કરવી જોઈએ. એટલે વનસ્પતિસૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ અને સૂક્ષ્મતમ જીવજંતુઓનું ૩૩-૩૩ ટકા પ્રમાણ જાળવી રાખીને કુદરતે અદ્ભુત સંતુલન ગોઠવી આપ્યું છે.

આમ, પૃથ્વી ફરતું રક્ષક કવચ રચી આપી, પોષણશૃંખલા ગોઠવી આપી, યોગ્ય વાતાવરણ રચી આપી, કુદરતે પૂરા સન્માન સાથે દરેક જીવને પૃથ્વી ઉપર આમંત્રણ પાઠવ્યું છે. 'કીડીને કણ અને હાથીને મણ' મળી રહે તેવી સંપૂર્ણ ન્યાયી વ્યવસ્થા ચૈતન્યસભર સૃષ્ટિના રચયિતાએ રચી આપીને સમગ્ર જીવસૃષ્ટિને તેની ઋણી બનાવી છે. આથી જ કહેવાયું છે કે પૃથ્વી તમામ જીવોનું પનોતું પારણું છે. આથી આપણી પૃથ્વીને એક 'જીવતો ગ્રહ' તરીકે પણ ઓળખાવાય છે.

આપણી ચૈતન્યસભર પૃથ્વી ઉપર કરોડો પ્રકારના અબજો સંખ્યામાં જીવો વસે છે. આ તમામે તમામ જીવોને તેમની જરૂરિયાત પ્રમાણે 'કીડીને કણ અને હાથીને મણ' મળી રહે તેવી અદ્ભુત ન્યાયી વ્યવસ્થા રચયિતાએ રચી હોવા છતાં એક માત્ર માણસને તેણે અલગ પાડ્યો છે. માણસ સિવાયના તમામ સજીવો પ્રાકૃત જીવો છે, એ તમામ પ્રકૃતિને આધિન છે. પ્રકૃતિએ કરેલી ગોઠવણ-વ્યવસ્થા અને ઘડી આપેલી તેમની જીવનશૈલી તેમજ સમયપત્રક પ્રમાણે એ સૌ જીવો જીવે છે. માણસ પ્રકૃતિને આધિન ન રહ્યો! આથી તેને સંસ્કૃત રાખવો-બનાવવો અનિવાર્ય છે.

અલબત્ત, તેણે પ્રકૃતિ સાથેની સુસંવાદી જીવનશૈલી અપનાવવાની હતી, છતાં તેણે પોતાને કુદરતે બક્ષેલી બુદ્ધિ, સાહસવૃત્તિ, કુતૂહલવૃત્તિ, સંવેદનાઓ અને કલ્પનાશક્તિની મદદથી પોતાની આગવી સંસ્કૃતિ ઊભી કરી. ગુફામાંથી બહાર નીકળી તેણે અન્ન, વસ્ત્ર, આવાસનાં વિશિષ્ટ સાધનો વિકસાવ્યાં.

એક અભ્યાસ એવો પણ થયો છે કે આજથી છ કરોડ વર્ષ પહેલાં બે પગે ચાલતા સસ્તન વર્ગના પ્રાણીઓ અસ્તિત્વમાં આવ્યા. આજથી ચાલીસ લાખ વર્ષ પૂર્વે અર્ધમાનવ 'ઓસ્ટ્રોપિથેસિન્સ', આજથી વીસ લાખ વર્ષ પૂર્વે પ્રારંભિક આદિમાનવ 'હોમોહેબીલ્સ', પાંચ લાખ વર્ષ પૂર્વે આદિમાનવ - 'હોમોઈરેક્ટ્સ' અને એક લાખ વર્ષ પૂર્વે આધુનિક માનવ - 'હોમોસેપિયન'નું આગમન થયું. આમ, સર્જનહારે પ્રથમ જીવ બિંદુમાંથી આધુનિક માનવને સર્જવા પૂરા બે અબજ નવ્વાણું કરોડ અને નવ્વાણું લાખ વર્ષ જેટલો સમય લીધો.

બે પગે ચાલતો થયેલો વાનર જ્યારે તેના આગલા બે પગને અનેકવિધ પ્રવૃત્તિઓમાં જેમ જેમ જોડતો ગયો, તેમતેમ તેના મગજમાં બુદ્ધિ વિકસતી-વિસ્તરતી ગઈ. આગલા પગને હાથ બનતા પૂરાં ૩૨ હજાર વર્ષનો સમય લાગ્યો. ૮૮ હજાર વર્ષ તો માણસ સાવ અન્ય પશુ-પક્ષીઓની જેમ જ ભટકતું જીવન જીવતો

રહ્યો. બારેક હજાર વર્ષથી એ ખેતી કરતો થયો અને ખેતીની ઉપજ લેવા તેને સ્થિર જીવન જીવવાની ફરજ પડી. છેલ્લા છએક હજાર વર્ષથી જ સંસ્કૃત થયેલા માણસને એ વખતે પણ આનંદ-પ્રસન્નતાની ભૂખ જાગેલી. પણ એ અન્ન, વસ્ત્ર નિવાસમાંથી ન સંતોષાતા તેની શોધ આગળ ચાલી. એ વખતના ઋષિઓએ અનેક સ્થળોએ સ્વતંત્ર રીતે કરેલા પ્રયોગોમાં કેટલાકને ધ્યાન-તપ દરમિયાન થયેલી પરમાત્માની અનુભૂતિએ પ્રેરણા આપી કે સાચું સુખ તો આત્માના સાક્ષાત્કારમાં જ રહેલું છે. આ અનુભવનો સૌને લાભ આપવાના શુભ હેતુથી તેમણે વેદોની રચના કરી. સામાન્ય માણસોને આ વેદો સમજવા અઘરા જણાયા. આથી તેને અનેકવિધ પરિચિત દૃષ્ટાંતોથી સરળ રીતે સમજાવવા માટે ઉપનિષદોની રચનાઓ થઈ. ઉપનિષદોનો મુખ્ય હેતુ બ્રહ્મજ્ઞાન આપવાનો હતો કારણ કે જગત એ બ્રહ્મની અભિવ્યક્તિ છે.

આમ, માણસના શરીર અને આત્માની કેળવણી માટે ભારતીય દર્શનશાસ્ત્ર પાસે વરસોથી જીવનનું અખંડદર્શન કરાવતી કેળવણી હાથવગી જ રહી છે. માનવજાતની પાયાની જરૂરિયાતો સંતોષાઈ એટલે તેણે આનંદ અને સુખાકારીનાં સાધનો-માધ્યમો શોધી કાઢ્યાં. એટલે સુધી વાંધો નહોતો પણ પછીના તબક્કે ભોગવિલાસ અને ભૌતિક સુખાકારીની ગળાકાપ હરિફાઈ સાથેની આંધળી દોટે માનવજાતને વિવેકહીન બનાવી મૂકી. પ્રકૃતિને સંસ્કૃત અને વિકૃત કરવાની અદ્‌ભુત શક્તિ ધરાવતી માનવજાત, બાહ્ય સુધારાને સંસ્કૃતિ માનીને, અંતઃકરણને ઢંઢોળીને કરવાના, પ્રકૃતિની જાળવણી સાથેના માનવતાભર્યા વ્યવહારને ભૂલી ગઈ. સંસ્કૃતિના આધારે જીવતી માનવજાત વિકૃતિઓમાં ફસાઈ ગઈ.

એક વૈજ્ઞાનિક સર્વે પ્રમાણે પૃથ્વીલોક પર દસેક કરોડ પ્રકારના જીવો વસે છે. અલબત્ત, આ યાદી હજુ અપૂર્ણ છે! આ ૧૦ કરોડ જીવો પૈકી માત્ર ૧૭ લાખ જીવોનો જ અભ્યાસ થઈ શક્યો છે. તમામ જીવોમાં બે લક્ષણો સર્વસામાન્ય જાણવા મળ્યાં છે. એક છે, તમામ જીવોનું અંતિમ લક્ષ્ય સુખ ભોગવવાનું - મોજ કરવાનું, જલસા કરવાનું છે. બીજું છે, તે તેની પ્રસન્નતાની અભિવ્યક્તિ નૃત્ય દ્વારા કરે છે. મનુષ્ય નામના જીવની સતત દોડ, ઝંખના ઈચ્છા કોઈ હોય તો તે છે સુખ મેળવવાની. આથી આપણે એવું માનીએ છીએ કે જીવન એ સુખની શોધ છે. વાસ્તવમાં જીવન એ સત્યની શોધ છે. પણ કયા સત્યની શોધ કરવાની છે? કયું સત્ય પામવાનું છે? સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માના સાક્ષાત્કારના સત્યને પામવાનું છે.

માણસમાં પશુત્વ અને મનુષ્યત્વ બંને છે, ત્યારે પશુત્વ ઘટાડવાનું છે અને મનુષ્યત્વ વધારવાનું છે. વળી, જીવતા રહેવાનું છે, તંદુરસ્ત રહેવાનું છે અને મોજ પણ કરવાની છે. આ બધાનું વ્યાજબી વ્યવસ્થાપન કરવું એ જ જીવન છે. જીવન પોતે એક ગૂઢ રહસ્ય છે અને સદાકાળ રહસ્ય જ રહેશે. દરિયામાં રહેતી માછલી જેમ દરિયાનો તાગ મેળવી શકતી નથી તેમ માણસ પણ જીવન અને જગતનો તાગ મેળવી શકે તેમ નથી.

બહિરંગની ગતિ અને અંતરંગની સ્થિતિના સંયોજનથી જીવન સર્જાય છે. જેમ અંતરિક્ષમાં કોઈપણ અવકાશીય પીંડને પોતાના અસ્તિત્વ માટે પોતાની ધરીની આસપાસ અને પોતાના

માતૃપિંડની આસપાસ ફરતા રહેવું અનિવાર્ય છે, તે માણસ માટે પણ એટલું જ સાચું છે.

જીવન પોતે એક અભિવ્યક્તિ છે :

આપણી પાસે દિવસના ચોવીસ કલાક, આઠ પ્રહર છે. એમાંથી આઠ કલાક શરીરને સંભાળવામાં જાય છે. આઠ કલાક આજીવિકા-જીવનનિર્વાહ માટે જાય છે. બાકી રહેલા આઠ કલાકમાં મોજનું-ભીતરની પ્રસન્નતાનું આયોજન કરવાનું છે. આઠ કલાકની મોજ માણવા માટે સોળ કલાક આપવાના છે. બીજી રીતે કહીએ તો માનવ જિંદગીનો ૩૩% સમય જીવન ટકાવી રાખવામાં અને ૩૩% સમય મોજ આનંદ-પ્રસન્નતા માટે રહે છે. એટલે કે ૩૩% સમય પ્રસન્ન રહેવા માટે માણસે ૬૬% સમયનું સટિક આયોજન કરવાનું છે. આ ૩૩% પ્રસન્નતા મળી એમાં વધેલ ૧% ઉમેરીએ તો ૧૦૦% જીવન જીવંત બની જાય છે.

ત્રીજી રીતે સમજીએ, તો સરસ કેરીના રસનો સ્વાદ માણવો છે તો કેરીની છાલ અને ગોટલાને સ્વીકારવાનાં છે. કામ તો રસનું-સ્વાદનું છે. પણ રસ-આસ્વાદ-તૃપ્તિ તો જ શક્ય છે, જો આપણે છાલ અને ગોટલાનો સ્વીકાર કરીએ. અહીં છાલ અને ગોટલાનું વજન અને વિસ્તાર જો વધારે હોય તો તેટલો રસ ઓછો મળે! આમ, આપણી પાસે દિવસમાં આઠ કલાક અથવા જીવનમાં ૩૩% સમય પ્રકૃતિએ મોજ કે પ્રસન્નતા માટે ફાળવ્યો છે. આ મોજની ગુણવત્તાનો આધાર તમે બાકીના ૧૬ કલાક કે ૬૬% સમય ક્યાં અને કેવી રીતે ખર્ચો છો તેના પર નિર્ભર કરે છે.

પશુ-પંખીઓમાં આ વંશ પરંપરાગત પ્રાકૃતિક રીતે ઉતરી આવે છે. એટલે કોયલને ટહુકા માટે રિયાઝ કરવો પડતો નથી, પક્ષીઓને કલરવ માટે સંગીતનું કોચિંગ લેવું પડતું નથી કે મોરને નૃત્ય માટે પ્રેક્ટિસનાં સેશન્સ નથી હોતાં કે સુગરીને માળો બાંધવાની તાલીમ લેવી પડતી નથી.

પણ માણસને સર્જનહારે 'ઓટોનોમી' (સ્વાયત્તતા) બક્ષી છે! માણસે જાતે કેળવવાનું છે, જાતે શિક્ષિત-દિક્ષિત થવાનું અને નિજાનંદી બનવાનું છે.

માણસ માટે તંદુરસ્ત રહેવા, આજીવિકા મેળવવા અને પ્રસન્ન રહેવા માટેનું હાથવગું કોઈ સાધન હોય તો તે એકમાત્ર છે, ને તે છે શિક્ષણ. આમ, માણસ માટે શિક્ષણ એ તો આનંદયાત્રા છે. દુર્ભાગ્યે આજનું શિક્ષણ મોજીલીયાત્રા બનવાને બદલે યુદ્ધ બની ગયું છે. ડર, સ્વાર્થ, હાર-જીત, સ્પર્ધા, અધિપત્ય, પ્રભાવ, દંભ વગેરેએ શિક્ષણને લૂણો લગાડ્યો છે. આત્માને થકવી દીધો છે. ૯૯% લાવનાર પણ કોઈ એક ટકો વધારે લઈ લેશે તો? એવા ડરથી ભણે છે!

નિષ્ફળતા એ હાર નથી, અનુભવ છે; એવું કોઈ સમજાવતું જ નથી. શિક્ષણમાંથી જીવનનો અનુબંધ દૂર થતો ગયો એનું આ પરિણામ છે. એક સમયે એકથી બાર ધોરણના પાઠ્યપુસ્તકોમાં આત્માને પોષક પાઠ-ભજનની, સંતોની, સાધકોની, સંસ્કૃતિ અને સંસ્કારની સરિતાઓ પાનાંઓ પર વહેતી રહેતી હતી. ધીમેધીમે એ સંસ્કાર અને સંવેદનાની સરિતાઓ ઓસરી ગઈ, તેથી પ્રસન્નતા-મોજનું પોષણ પણ વિસરાતું ગયું. ગીતો ગણગણવાને બદલે ગણિત-ગણતરીઓ આવી, તેથી તણાવ વધતો ગયો, હતાશા આવી ને હળવાશ ગઈ.

સાચા વિકાસમાં ધરતી લુંટાતી નથી, પોષિત-સંવર્ધિત થતી રહે છે. સ્થાયી વિકાસનું

રહસ્ય સમપોષિત વિકાસમાં રહેલું છે. શિક્ષણને નિર્ભાર, બોજમુક્ત કરીને ખોજ + મોજ યુક્ત કરવાનું છે. પ્રવૃત્તિ અને અનુભવ દ્વારા અપાતું મોજીલું શિક્ષણ જ જીવનલક્ષી બને છે. શિક્ષણ વિષયવસ્તુ નથી, સંસ્કાર, શિસ્ત, આવડત, તાલીમ, પ્રકૃતિ, સંસ્કૃતિ, સંવેદના અને પ્રસન્નતા આધારિત સાધના-તપ છે એને વિષયોમાં ધરબી દેવાને બદલે વિષયના વાડામાંથી ખીલો ખેંચી કાઢવાનો છે. સાંકળ છોડી-ઢીલી કરી દેવાની છે. શિક્ષણ માણસને જડ નહીં, જીવંત અને સંવેદનશીલ બનાવતું હોવું જોઈએ. શિક્ષણમાં પરિણામ કે પરીક્ષા અગત્યની નથી, પ્રક્રિયા મહત્ત્વની હોય છે. વર્ગખંડનું શિક્ષણ માના રસોડે કે બાપદાદાના ખેતરે ખપ ન લાગે તો તે શિક્ષણ વાંઝિયું છે. શિક્ષણનું મૂળ કામ તો આત્માનું પોષણ કરવાનું છે. શરીરને મારી શકાય છે, આત્માને મારી શકાતો નથી. આપણે યોગ, ઉદ્યોગ અને સહયોગ દ્વારા સંવેદનાઓના સંસ્કારનું સિંચન કરતું શિક્ષણ ખપનું છે. આવું શિક્ષણ આપણા દેશમાં ત્રણસો વર્ષ સુધી ટક્યું હતું, તેવું 'પાતંજલ યોગસૂત્ર'માં જણાવવામાં આવ્યું છે.

આપણા વિદ્યાલયોમાં વિદ્યાનો જ લય થઈ રહ્યો છે. સર્જનાત્મકતા અને રચનાત્મકતા વગરની એક્ટીવીટીને કારણે પ્રોડક્ટીવીટી ભૂલાઈ ગઈ છે. સૉક્રેટિસ જેવાએ સમજાવ્યું છે તેમ માણસ મૂળભૂત રીતે સજ્જન જ છે, જે કાંઈ દોષો દેખાય છે તે અજ્ઞાનના કારણે છે. અત્યારના આધુનિક શિક્ષણે સોડિયમ વગરનું મીઠું, કાંટા વગરનો થોર, ઝેર વગરનો સાપ અને સંવેદના વગરનો માણસ તૈયાર કર્યો છે. અંતે માણસે શરીરને અને આત્માને બંનેને પોષવાનાં છે. શરીરને પોષવાનું પ્રમાણમાં સરળ છે પણ આત્માને રાજી રાખવાનું આપણી સહજ વૃત્તિઓએ અઘરું બનાવી દીધું છે. શરીરના પોષણ જેટલું જ તે સરળ હોવા છતાં તેનું શિક્ષણ અપાતું ન હોવાથી આજની પરિસ્થિતિ નિર્માણ થઈ છે. શરીરને બુદ્ધિથી અને આત્માને હૃદયથી સમજવાનાં, પોષવાનાં છે. શરીર અને આત્મા વચ્ચેના આવરણો દૂર કરવાનાં છે.

શરીરને શેનાથી અને શી રીતે પોષાય, એ ક્ષેત્રે ખૂબ અભ્યાસ, પ્રયોગો, સંશોધનો થયાં છે અને થઈ રહ્યાં છે. જ્યારે આત્માના પોષણ માટે ખાસ કોઈ ગંભીર નથી. આત્માનું પોષણ શું? ક્યાં મળે, કેવી રીતે મળે? સત્ય, પ્રેમ અને કરુણા આત્માનો ખોરાક છે. સત્કર્મો, સત્સંગ, પ્રેમાળ, હૃદય, નિર્મળ મન એ આત્માને ભાવતા પકવાન છે. માણસાઈ એ આત્માને ભાવતી મિઠાઈ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા એ મનુષ્યનું મૂળ સ્વરૂપ છે, મૂળ ઓળખ છે, આધારકાર્ડ છે.

સામાન્ય માણસની વૃત્તિઓ નીચે પ્રમાણે છે:

જિજ્ઞાસાવૃત્તિ : જ્ઞાન-માહિતી : જ્ઞાન

આધિપત્યની વૃત્તિ : શક્તિ+સ્વતંત્રતા : ચિત્તપ્રાપ્તિ (ચ્ચિ)

જાતીયવૃત્તિ : પ્રેમ + આનંદ + સૌંદર્ય : પ્રસન્નતા (દા)

જીજીવિષા વૃત્તિ : અમરત્વ : સત્ય (નં)

પ્રતિષ્ઠા - કીર્તિવૃત્તિ : શાંતિ + આનંદ : પ્રેમ (દ)

માનવસહજ આ વૃત્તિઓમાંથી મળતા જ્ઞાન, શક્તિ, સ્વતંત્રતા, પ્રેમ, સત્ય, સૌંદર્ય, શાંતિ, પ્રસન્નતા, નિજાનંદ અને અમરત્વનું પોટલું બાંધો તો તે પોટલાં પર 'આત્મા'નું લેબલ લાગે. આત્મા સહજ છે, તે કર્તા હોઈ શકે જ નહીં.

'અહિંસા' શબ્દ આત્મસ્વરૂપ છે, આધ્યાત્મિક છે. અહિંસા આત્માનું સ્વરૂપ છે, એ હિંસા કરી શકતો જ નથી. હિંસા એ શરીરની શક્તિ છે. આથી શરીર મટી જાય છે પણ આત્મા મરતો નથી. આત્મા મરતો નથી, મરાવતો નથી અને મારતો પણ નથી. જે આત્મા મારામાં છે એ જ આત્મા તમારામાં અને સૌમાં છે. આત્માની આ વ્યાપકતા અહિંસાની પ્રતિષ્ઠા કરે છે. આ વ્યાપકતા-સમરસતાના કારણે એક આત્મા બીજા આત્માની હિંસા કરી શકતો જ નથી. મન, બુદ્ધિ, વિચાર અલગ અલગ હશે પણ આત્મતત્ત્વ તો એક જ છે. આત્માનું સ્વરૂપ શાંત છે, આત્મત્વ ઘણું સૂક્ષ્મ છે, બીજમાં રહેલા વિશાળ વૃક્ષની જેમ. આત્મા તો અવિભાજ્ય, પૂર્ણ, સમાન, શાંત, નિર્દોષ, સર્વવ્યાપી અને સનાતન છે. આમ, આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે અને પૂર્ણ છે. એટલે તો પ્રેમદીવાની મીરાંબાઈએ આત્માની ઓળખ વિશે આરત છેડી છે :

આ આત્માને ઓળખ્યા વિના રે...
લખ ચોરાસી નહીં રે મટે રે લોલ.

અને આપણા ગુજરાતી સાહિત્યના આદિકવિ નરસૈયાએ પણ કહ્યું છે :

જ્યાં સુધી આત્માતત્ત્વ ચિન્હો નહીં,
ત્યાં સુધી સાધના સર્વ જૂઠી.

અંતે સુખપ્રાપ્તિની દોડ છે શા માટે? જીવનનો ખાલીપો, અભાવો, ભય, અધૂરપ વગેરે દુ:ખનું કારણ છે. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માથી દૂર જવાથી અભાવો જન્મે છે. ભારે આશ્ચર્યજનક અને હાસ્યાસ્પદ હકીકત એ છે કે આ અભાવો ભ્રામક છે! પાણીને લાગેલી તરસ જેવો ભ્રામક છે!! આત્મપ્રાપ્તિ-સ્વીકાર જ સુખની ગુરુચાવી છે. આત્મપ્રાપ્તિમાં જ માનવજીવનની પરમ કૃતાર્થતા છે. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મપ્રાપ્તિ માટેનો પથ એ જ અધ્યાત્મ પથ. આ આત્મા પ્રત્યે, આત્મા તરફ જવાની ગતિ એટલે અધ્યાત્મ. વિકાસ એ જીવનનો અનિવાર્ય સ્વરૂપગત ગુણધર્મ છે. જીવનવિકાસનું સર્વોત્તમ માધ્યમ એ અધ્યાત્મ છે. જીવન પોતે જ મહાચૈતન્યની અભિવ્યક્તિ છે. આત્મા મનુષ્યના અસ્તિત્વનું ઓળખનું કેન્દ્ર છે. આથી ગીતામાં પણ આત્માપ્રાપ્તિ માટેની વિદ્યા-અધ્યાત્મવિદ્યા એ તમામ વિદ્યાઓમાં કેન્દ્રસ્થવિદ્યા ગણાવાઈ છે.

અધિ + આત્મા = અધ્યાત્મ. આત્મા તરફ જવાની ગતિ-વિદ્યા-પ્રયત્ન. આત્માનું સત્ય તો એ છે કે - આત્મા એ ચેતનાનો પ્રવાહ છે. જેમ વીજળી એ સ્થૂળ વસ્તુ નથી, એ ઈલેક્ટ્રોનનો પ્રવાહ છે. આત્માને આમંત્રિત કરી શકાતો નથી પણ તેને ચેતનાના પ્રવાહમાં ભેળવી શકાય છે. જેમ સાગરબુંદ સાગરને આમંત્રિત કરી શકે નહીં, પણ પોતે સાગરમાં ભળી શકે છે. આત્મા નથી મેળવવાનો કે નથી ગુમાવવાનો. આત્મા સૌને પ્રાપ્ત જ છે. તેનો સ્વીકાર કરવાનો છે. આત્માપ્રાપ્તિ તો પ્રતસ્ય પ્રાપ્તિ છે! આત્મા તો આત્મા થકી આત્માને પામે છે. વળી માણસ માત્ર 'આત્મા' નથી તેને 'શરીર' પણ છે. માણસ માત્ર 'શરીર' નથી તેને 'આત્મા' પણ છે. માણસની રચના આત્મા અને શરીરથી બનેલી છે. શરીર ભૌતિક છે. તેને વજન-આકાર-ગુણો છે. આત્મા નિર્ગુણ અને નિરાકાર છે. શરીર નાશવંત છે. આત્મા અજર-અમર છે. આપણા ભજનમાં ગવાયું છે કે, 'અજરા કાંઈ જરિયા ના જાય... વીરા મારા, અજરા કાંઈ જરિયા ના જાય. એવા થોડે રે થોડે રે તમે સાધ, પીઓ રે..જી...'

**માનવરૂપી પંખીની બે પાંખો છે :** શરીર/ખોળિયું અને આત્મા, પ્રકૃતિ અને પુરુષ, જડ અને ચેતન, દશ્ય અને દૃષ્ટા, વિષય અને વિષયી, ત્રિગુણાત્મિકા અને ગુણાતીત, ભોગ્યા અને ભોક્તા, અવિદ્યા અને વિદ્યા, વિશ્વનું કારણ અને વિશ્વથી પર, બંધનનું કારણ અને મુક્ત, સ્વભાનરહિત અને સ્વભાનયુક્ત.

કોઈ પણ જીવને જન્મ પછી પાયાની બે જરૂરિયાત અનિવાર્ય બને છે : પોષણ અને પ્રસન્નતા. પોષણ એ શરીર/ખોળિયું/પ્રકૃતિનો ખોરાક છે. પ્રસન્નતા એ આત્મા/પુરુષનો ખોરાક છે. આ આત્મા-ચેતના-ચૈતન્ય તમામ જડ અને ચેતનમાં રહેલું છે. પથ્થરમાં સુષુપ્ત છે, વનસ્પતિમાં શ્વસે છે, પ્રાણીઓમાં ક્રિયાશીલ છે, મનુષ્યમાં ચૈતન્યરૂપે રહેલ છે. આમ, દરેક જડ-ચેતન જગતના કણેકણમાં ઈશ્વર છે. અથવા તો જડ-ચેતન જગતનું તમામ કણ સ્વયં ઈશ્વર જ છે. પ્રકૃતિમાં ક્રિયાન્વિત તમામ કાયદાઓમાં ઈશ્વર છે. સમગ્ર બ્રહ્માંડના અસ્તિત્વનું રહસ્ય જે 'ચેતના'માં છૂપાયેલું છે તે સચરાચર સચ્ચિદાનંદ જ છે.

આ ચેતના કે ઈશ્વરનો સ્વભાવ પરમ સ્વતંત્રતાનો છે. સ્વામીત્વ વગરનું અસ્તિત્વ એટલે પરમાત્મા. પ્રકૃતિને અનુકૂળ થઈ સ્વતંત્રતામાં જીવો એટલે સુખ મળે.

પ્રકૃતિને પ્રતિકૂળ થઈ પરતંત્રતામાં જીવો એટલે દુઃખ મળે. ઈશ્વરનો અભિગમ સમગ્રતાનો છે, પૂર્ણતાનો નહીં. સમગ્રતામાં સત્ય + પ્રેમ + કરુણાની અખંડધારા વહે છે. જ્યારે પૂર્ણતામાં ઈર્ષા + સંઘર્ષ + શોષણની શક્યતા રહેલી છે. જીવનમાં આ સમગ્રતાનો સ્વીકાર કરવો એ સૌથી મોટી ઉપલબ્ધિ છે. અહીં સ્વીકાર કરવો અને સમર્પણ કરવું એ લાચારી નથી. કોઈનો અસ્વીકાર નહીં અને તમામનો સ્વીકાર પણ નહીં એ જ દિવ્યજીવનની ગુરુચાવી છે.

સમગ્રતાનો સ્વીકાર એ ઉત્તમ અધ્યાત્મ માર્ગ છે. કબીર સમજાવે છે તેમ -

મેરા મુઝમે કુછ નહીં જો કુછ હૈ સો તોર.
તેરા તુઝકો સોંપે, ક્યાં લગતા હૈ મોર.

જ્યારે તમે સઘળું સ્વીકારો છો ત્યારે તેનો હકારાત્મક અર્થ એ થાય છે કે તમે બધું જોયા, સમજ્યા પછી પણ તેનો અસ્વીકાર કરતા નથી! આ અભિગમ એ જ અધ્યાત્મ. અધ્યાત્મ જીવનદર્શન કરાવે છે. કોઈપણ સર્જન માટે સર્જનકર્તા અનિવાર્ય છે. કોઈપણ કાર્ય માટે ઊર્જા અનિવાર્ય છે. અધ્યાત્મમાં કર્તા અને કૃતિ અલગ નથી એકરૂપ છે. ચિત્ર અને ચિત્રકાર એક છે, નૃત્ય અને નૃત્યકાર એક છે : કબીર સાહેબે ગાયેલું યાદ રાખવું રહ્યું :

કબીરા કૂઆ એક હૈ, પનિહારી અનેક,
બર્તન સબ ન્યારે ભયે, પાની સબ મેં એક.

હૃદયથી સ્વીકારી લેવું એ જ દિવ્યજીવન છે. આ સ્વીકાર એ સ્વર્ગનું દ્વાર છે. જે 'એવરીવ્હેર' છે તેને 'સમવ્હેર' શા માટે શોધવું છે? આપણે ઈશ્વરને આપણી સમજ બુદ્ધિથી કલ્પવાનો નથી. પરમની અનુભૂતિ થાય એટલે બસ. આ કોણ સમજાવશે? એકમાત્ર સક્ષમ સાધન શિક્ષણ છે. પ્રથમ સમજવાનું છે, પછી આચરણમાં મૂકવાનું છે અને અંતે પામવાનું છે. આત્માને પામવાની અનુભૂતિ કરાવતું સંવેદનશીલ શિક્ષણ જ આ કરી શકે. મોરારિબાપુ જે વ્યાસપીઠ ઉપરથી રામકથાનું ગાન કરે છે એ આપણા સૌના આત્માનું પોષણ કરતું ઔષધ છે.

# પંખીકુળનું માણસ

- ઈશ્વર પરમાર

'હું માનવી તનથી, કિંતુ સ્વભાવથી તો છું પંખીના કુળ તણો જીવ આત્મનંદી'

પંખીના કુળનું આવું માણસ કેવું આસાનીથી ઓળખાઇ જાય! બસ, એ તો ગાયા કરે... કોઈ સાંભળે કે ન સાંભળે તોય હા! કોઈ સહૃદયને કાને તેનું આવું ગીત પહોંચે તો તે પંખીની પહેચાન કરવા જરૂર પ્રયાસ કરે.

'આનંદની છડી લઈને હું આરોહણ કરતો રહું છું,
ચઢતા રહેનારને - આ લોકના યાત્રીને - નમતો
પહોર કેવો?'

પોતાની આવરદાના નમતા પહોરને નજરમાં લીધા વિના સદા સાનંદ સાહિત્યક્ષેત્રે આરાધના અને આરોહણ કરતા રહેલા આ અધ્યાપકની શુભ આસ્થા સલામભેર સરાહવા યોગ્ય છે :

'આ વિશ્વમાં ઘણુ બધું નવલું કરાય છે,
ને તે બધું સુભગ જીવન કાજ થાય છે.
તો શુભ્ર ને શિવથી યુક્ત કલા પદાર્થે
શે'ના રચાય શુભવર્ધક જીવનાર્થે.'

આવા આસ્થાવાન કવિ-અધ્યાપક પ્રોફેસર ગોવિંદભાઈ પટેલે સમજપૂર્વક પોતાની વ્યાવસાયિક ઓળખ 'પ્રોફેસર' અને જ્ઞાતિસૂચક ઓળખ 'પટેલ'ને પડતી મૂકી છે. હવે તેઓ કેવળ 'ગોવિંદભાઈ' જ બની રહ્યા છે. એમનાં પુસ્તકોનાં નામ સાથે લેખક તરીકે તેમનું નામ નર્મદ અને પૂજાલાલની જેમ એક જ શબ્દમાં છપાય છે - 'ગોવિંદભાઇ.'

લોકેષણા અને વિત્તેષણાથી મુક્ત ગોવિંદભાઇનો જન્મ વડસાંગળ (તા. ગણદેવી, જિ. વલસાડ) મુકામે તા. ૨૭-૭-૧૯૨૧ના દિને થયો હતો. પિતા સુખાભાઇ (સુ'ભાઇ) પ્રાથમિક શિક્ષક હતા. તેઓ શાળાનું ગ્રંથાલય પણ ચલાવતા. બાળકોને વાચન અને કસરત માટે પ્રેરતા. પુત્રને ગોફણ બનાવી આપે અને તકલી પણ કંતાવે. પિતાનું જીવનસૂત્ર હતું : 'સાદું સદાય દીપે'. એમણે પુત્ર ગોવિંદની કલ્પનાશક્તિને સંકોરી. આ પિતા-શિક્ષકે તેને ઘેર ભણાવીને એક વર્ષ વહેલું પ્રાથમિક શિક્ષણ પૂરું કરાવ્યું. શાળાંતની પરીક્ષા પણ પસાર કરાવી. (૧૯૩૩)

ગોવિંદે માધ્યમિક શિક્ષણ ગણદેવીમાં લીધું. અહીંની ધી ન્યૂ હાઇસ્કૂલના ગુજરાતીના શિક્ષક મહેતાસાહેબે તો તેનો નિબંધ એક ઉત્તમ નમૂના લેખે વર્ગમાં વાંચી સંભળાવ્યો હતો. તે શિક્ષકે ગોવિંદની સર્જનશીલતાને અંકુરિત કરી. શિક્ષક ગુલાબભાઈએ રાષ્ટ્રપ્રેમ જગાડ્યો અને સ્વરાજ આંદોલનમાં સહયોગ કરવા પ્રેરણા આપી. સાહિત્યપ્રેમી શિક્ષક અંબરીષરાય વોરાનું ધ્યાન દસમા ધોરણના વિદ્યાર્થી ગોવિંદની કવિતા-લેખનની ચેષ્ટા તરફ ગયું. ખેડૂતની ખેદજનક સ્થિતિ વર્ણવતાં તેનાં કાવ્યોને વોરાસાહેબે શીર્ષક આપ્યું - 'ખેડુજવાલા'. એમણે કહેલું, 'ગોવિંદ, કવિ 'કાન્ત'ની કવિતાઓ વારંવાર વાંચતો રહેજે.' આ વાચનથી ઊગતા સર્જકને પોતાની મર્યાદાઓનો ખ્યાલ આવ્યો; આમ છતાં એ આશાવાદી ગોવિંદે શબ્દલોકની યાત્રા

ચાલુ રાખી અને મૅટ્રિક થયા. (૧૯૪૦)

ગણદેવીના ન્યૂ હાઇસ્કૂલના હેડમાસ્ટર કડક દેખાતા છતાં પ્રેમાળ તો ખરા જ. કાર્યસાતત્ય અંગે તેઓ ગોવિંદની પ્રેરણામૂર્તિ બની રહ્યા. એ અભ્યાસી અને ઉદ્યમી આચાર્ય રાતે બબ્બે વાગ્યા સુધી ટેબલ-વર્કમાં ખોવાયેલા રહેતા; બીમારીના સાચા કે ખોટા બચાવ એમની પાસે કોઈ શિક્ષક કે વિદ્યાર્થી કરતા ત્યારે તેઓ નારાજ થઈને કહી દેતા : 'નેવર ફરગેટ; ટુ બી ઈલ ઈઝ અ સોશ્યલ ક્રાઇમ!'

મૅટ્રિક પાસ થયા પછી ઉચ્ચ અભ્યાસ કરવા માટેનું ગોવિંદભાઇને અરમાન તો હતું, પરંતુ આર્થિક સ્થિતિ પ્રતિકૂળ હતી. પિતાએ વીમાની પૉલિસી ગીરવે મૂકીને પુત્ર ગોવિંદને વડોદરાની કૉલેજમાં ભણવા જવાનો માર્ગ મોકળો કરી આપ્યો. બે વર્ષ પછી ૧૯૪૨ની સાલમાં જે બન્યું તે કવિ ગોવિંદભાઇની બાનીમાં -

'ગયાં વરસ વીતી બે : સરી શું ગ્રાસ પેઠે ગયાં!
થયો અરધ ગ્રેજ્યુએટ ત્યહીં બૂંગિયો વાગિયો.
ત્યજો અબઘડી જ ભારત, વિદેશી હે શાસકો!
અને કંઇક વર્ષ પૂર્વ તણું ગીત ગૂંજ્યું ફરી :
નહીં જ, સરકાર જાલિમ કદાપિ ના જોઈએ,
અફાટ લૂંટી સત્ત્વહીન કરનાર જોઈએ નહીં.
વિચાર વળી તર્ક કૈં અવર થૈ ગયા વેગળા,
સભા-સરઘસે થયો હું ઘૂમતો નવી ભક્તિથી.'

રાષ્ટ્રપ્રેમથી આંદોલિત આ વાતાવરણમાં અગ્રણીઓને અટકાયતમાં લેવામાં આવ્યા. આંદોલન ગામડે ગામડે ને ઘેર ઘેર પ્રસરી ગયું. કૉલેજિયન ગોવિંદ પટેલે વડોદરામાં થયેલ સભા-સરઘસમાં ભાગ લેવા માંડ્યો પણ ખિસ્સું ખાલી થતાં વતન ગણદેવી આવીને અહીંની સ્વરાજ-પ્રવૃત્તિઓમાં ઝુકાવ્યું. હવે તે પોતાના વિસ્તારના ગામેગામ ફરે, દેશભક્તિના ગીતો ગાય ને ગવડાવે. સરઘસમાં તિરંગો લઈને આગળ ચાલે ગોવિંદભાઇ! આ ગુના સબબ ત્રણ વખત તેમની ધરપકડ થઇ. બે વખત ચેતવણી આપીને તેમને છોડી મૂકવામાં આવ્યા પરંતુ ત્રીજી વખતે ત્રણ માસની સાદી કેદની સજા થઈ, જો કે પછીથી નવસારીની જેલમાં એમને ચારેક દિવસ રાખીને છોડી દેવામાં આવ્યા.

સભા-સરઘસની અંગ્રેજ સરકાર પર ધારી અસર ન થઇ. આથી હવે ગામ કક્ષાએ સરકારીતંત્રને ખોરવવા માટે પટેલ, તલાટી તથા પંચાયત-સભ્યોનાં રાજીનામાં ઉઘરાવી લેવાની પ્રવૃત્તિ હાથ ધરાઈ. વડ સાંગળ ગામના પટેલ રાજીનામું આપવા રાજી ન થયા આથી વીસ વર્ષના નવયુવાન ગોવિંદભાઇ તેમના વિચાર-પરિવર્તન માટે ઉપવાસ પર ઊતર્યા. ચોવીસ કલાક પૂરા થાય તે પહેલાં જ ગામ-પટેલ હાથમાં કાગળિયું લઇને હાજર થયા - ''જયહિંદ ! હવેથી હું તારી જોડે જ છું, જુવાન!''

સરકારી તંત્રને વધુ ભીડવવા માટે ટપાલ-વ્યવસ્થા અવરોધવી, સરકારી ચોપડાઓ સળગાવવા, તાર તોડવા, રેલવેના પાટા ઉખેડવા, પુલો તોડવા - આવી પ્રવૃત્તિઓનો દોર ચાલ્યો. આ માટે બૉમ્બ બનાવવા અને મૂકવાની હિંમત કરનારાઓમાં ગોવિંદભાઇ પણ ખરા જ! આ સાહસમાં ઝડપાઇ ગયેલા ગોવિંદભાઇએ પણ ગણદેવી, નવસારી, જલાલપોર, સુરત અને સાબરમતી - એમ પાંચ જેલોના એકંદર પંદરેક માસ પાણી પીધાં! જેલમાંથી છૂટીને (માર્ચ '૪૪) ઘેર આવતાં છલકાતી આંખે પુત્રની પીઠે હાથ મૂકતાં પિતા

સુ'ભાઈ કહે, ''તું દેશ માટે જેલમાં ગયો તેનો શો વાંધો હોય? પરંતુ બેટા, કહીને તો જવું'તું?''

''પિતાજી, પોલીસ ક્યાં કહીને પકડે છે?''

''જેલમાં તો ભારે આપદા વેઠવી પડી હશે, નહીં?''

''તમારા ઉછેરના પ્રતાપે કશું વસમું ન લાગ્યું. વળી જેલમાં માવલંકરદાદા, રવિશંકર મહારાજ ને નરહરિ પરીખ જેવી હસ્તીઓનો સંગ પામ્યો. જેલમાં ભાષણો થતાં ને કાંતણેય ચાલતું. જેલમાં મને બંગાળી અને ઉર્દૂ ભાષા શીખવાની તક મળી; હિંદીનો પણ પરિચય-કક્ષાનો અભ્યાસ થયો!''

ત્યાર પછી આંદોલન વિસામો લેતું હતું તે વેળામાં ગોવિંદભાઇને ઉચ્ચ અભ્યાસ માટેની લગની ફરી જાગી. વડોદરાની કૉલેજે તો દેશપ્રેમી વિદ્યાર્થીઓ માટે દરવાજા બંધ કરી દીધા હતા. આથી ગોવિંદભાઇએ મુંબઇનો રાહ લીધો. ખપ જોગું કમાવાની સાથે ભણતર ચાલુ રાખવાની ગણતરીથી મુંબઇ આવી એમણે ખાલસા કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. (૧૯૪૪) એક અધ્યાપકની સહાયથી કોઇ શાળામાં શિક્ષક તરીકેની નોકરી પણ મળી ગઈ.

બી.એ. કક્ષાનો અભ્યાસ એમણે ગુજરાતી વિષય સાથે કરવાનું નક્કી કર્યું. શમણું તો હતું સાક્ષર થવાનું પણ વધુ ને વધુ વાચન કરતાં કરતાં સાક્ષરત્વ તો સુદૂર સીમાડે હોવાનો અહેસાસ થવા માંડ્યો; આમ છતાં શબ્દ 'સાક્ષર' એમને માટે ધ્રુવતારક તો બની જ રહ્યો.

મુંબઇ ખાતેના અભ્યાસકાળ દરમિયાન પણ સ્વરાજ-આંદોલનથી પુનઃ આંદોલિત થયેલા ગોવિંદભાઇ 'કરેંગે યા મરેંગે'ની હાકલને કારણે નવમી ઑગસ્ટને દિવસે ન ગયા. પછીથી તે શાળાના સંચાલકને કહ્યું ખરું : ''તમે બીમારીનું કારણ આપીને રજા-ચિઠ્ઠી આપો; અમે તે મંજૂર કરીને તમને તેનો પગાર પણ આપીશું.''

દેશપ્રેમી ગોવિંદભાઇનો જવાબ : ''ભલે રહી મારી ગેરહાજરી. દેશસેવા કરનારને તે વળી બીમારીનો બુરખો પહેરવાનો હોય?''

પછીથી તે શાળા છોડી દઈને ટ્યુશન કરતા રહીને ગોવિંદભાઇ મુંબઇ શહેરમાં ટકી રહ્યા ને અભ્યાસને ટકાવી રાખ્યો. કૉલેજના વર્ગમાં પ્રાધ્યાપક પ્રેમશંકર ભટ્ટ કાવ્ય-છંદની સમજ આપીને વિદ્યાર્થીઓને તેનું ઉદાહરણ આપવા કહેતા. એ વખતે ગોવિંદભાઇ સ્વરચિત છંદોબદ્ધ કવિતામાંથી ઉદાહરણ રજૂ કરતા. આથી પ્રસન્ન થતા એ અધ્યાપકના પ્રોત્સાહનને લીધે ગોવિંદભાઇનું કવિત્વ પાંગરતું રહ્યું. આ સુખદ અનુભવ સાથે ગોવિંદભાઇ ગુજરાતી વિભાગમાં પ્રથમ ક્રમે બી.એ. થયા. (૧૯૪૬)

બી.એ. પાસ થયા પછી ગોવિંદભાઇ મુંબઈના ભારતીય વિદ્યાભવનમાં એમ.એ.ના અભ્યાસ માટે સ્કૉલર તરીકે જોડાયા. ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રા. રામનારાયણ વિ. પાઠકના વ્યક્તિગત માર્ગદર્શન હેઠળ તેમનો અભ્યાસ આગળ વધ્યો; સાથોસાથ સાહિત્યિક દૃષ્ટિ પણ ખીલવા માંડી. 'વધુ વાંચવું જોઈએ, ને સારી રીતે વાંચવું જોઈએ; તથા તથ્ય આધારે વધુ લખવું જોઈએ ને સારું લખવું જોઈએ.' આ સમજ પાઠકસાહેબે આપી.

ગોવિંદભાઇ બીજા વર્ગમાં એમ.એ. થયા. (૧૯૪૮) શિક્ષક-પિતાના પુત્ર ગોવિંદભાઇએ આ પૂર્વે શિક્ષક તરીકેની કામગીરી માણી હતી તેથી વ્યવસાયે શિક્ષક થવાની જે તેમને અભિરૂચિ હતી. આ જોઈને પાઠકસાહેબે એમને

સરસ ભલામણપત્ર પણ લખી આપ્યો. મુંબઇની ખાલસા કૉલેજમાં એમને ગુજરાતીના અધ્યાપક તરીકેની નિમણૂક મળી. (૧૯૪૮) અધ્યાપન ને સર્જનને વેગ મળ્યો. એ સમયગાળે મહાત્મા ગાંધીજીની હત્યા થવાને લીધે હચમચી ગયેલા કવિ ગોવિંદભાઇએ ગાંધીજીની વયનાં કુલ વર્ષોને લક્ષમાં લઈને ૭૯ કડીનું કાવ્ય 'સત્યગોપ્તા નમો નમઃ' રચ્યું તે કાવ્ય 'બાપુ' પુસ્તકમાં પ્રગટ થયું.

પ્રોફેસર જી. એસ. પટેલ (ગોવિંદભાઇ)નાં વર્ગપ્રવચનો વખતે અન્ય વિષયના વિદ્યાર્થીઓને પણ મેળ પડે તો હાજર રહેવું ગમતું. આ સહાય-તત્પર અધ્યાપક વિદ્યાર્થીઓને પોતાને હિસાબે અને જોખમે કૉલેજ-લાઈબ્રેરીમાંથી પુસ્તકો અપાવતા; ક્યારેક પુસ્તક પરત ન થાય ત્યારે તેની કિંમત પણ ભરપાઇ કરવી પડતી! આવું બનતુંય અવારનવાર! છતાં તે પછીના વર્ષે એનું એ સાહસ! કૉલેજમાં સરકારી શિષ્યવૃત્તિ અંગેનો હવાલો ગોવિંદભાઇને હસ્તક હતો ત્યારે નિયમ મુજબ તેનો લાભ મેળવી શકનાર વિદ્યાર્થીઓ તેમને કશીક ભેટ આપવાનો નિષ્ફળ પ્રયત્ન પણ કરતા!

તે જ કૉલેજમાં, ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકેની જવાબદારી ગોવિંદભાઇએ સને ૧૯૫૮થી સ્વીકારી. અધ્યયન, અધ્યાપન અને સાહિત્ય સર્જન : ત્રણેય પ્રવૃત્તિ સુમેળમાં ચાલતી રહી. પોતાની નાનકડી કેબિનમાં ગુજરાતી વિભાગના ખાદીધારી અધ્યક્ષ ગોવિંદભાઈ જિજ્ઞાસુ વિદ્યાર્થીઓથી સદા વીંટાયેલા રહેતા. ગોવિંદભાઇ એટલે જાણે હરતુફરતું ગુજરાતી ડિપાર્ટમેન્ટ! એક વરસે નવા આવેલા પ્રાચાર્ય કહે, ''તમારું રિઝલ્ટ ઝીરો પરસેન્ટ આવ્યું છે, વેરી બેડ.''

વાત એમ બની હતી કે બી.એ.માં ગુજરાતી વિષય લેનાર ચારેય વિદ્યાર્થીઓ ગુજરાતીમાં તો સારી રીતે પાસ થઈ ગયા હતા. પરંતુ બીજા વિષયમાં નાપાસ થવાને કારણે ઉપલા વર્ગમાં જઈ શક્યા ન હતા. અધ્યક્ષ ગોવિંદભાઇએ મક્કમતાપૂર્વક કહ્યું, ''સર, અમારું પરિણામ તો સો ટકા જ ગણાય.'' આ પ્રતિવાદથી ચર્ચા તો ખૂબ ચગી, પરંતુ છેવટે પ્રાચાર્યે વિવાદ સમેટી લેવો પડ્યો.

વળી નવો વિવાદ -

કૉલેજ-સંચાલનના એક પદાધિકારીએ બધા વિષય-અધ્યક્ષોને વારાફરતી તેડાવ્યા અને રાજકીય ચૂંટણી માટે ફાળો નોંધાવવા કહ્યું : બધા અધ્યક્ષોએ મને-કમને ફાળો નોંધાવ્યો.

''બોલો, મિ. પટેલ, તમે કેટલી રકમ નોંધાવો છો?''

''આ રાજકીય બાબત છે, તેથી મારે વિચારવું પડે.''

''વિચારવા માટે સમય નહીં મળે, મારે અત્યારે જ તમારો જવાબ જોઈએ.''

''તમે મને આ રીતે ફરજ પાડી શકો નહીં''

''તો હું જોઈ લઈશ!''

પછીથી બીજા અધ્યક્ષોએ પ્રો. ગોવિંદભાઇને સમજાવ્યા, ''બંધુ, આમાં કંઈ મોટી રકમ આપવાની નથી. સત્તા આગળ શાણપણ નકામું. એમના હાથ લાંબા હોય.''

''સત્તાવાળાનો હાથ કૉલેજની ખુરશી સુધી જ લંબાયેલો છે, મારા ખેતર સુધી નહીં.''

સત્તાવાળાએ યુનિવર્સિટીને લખી નાખ્યું કે અમે અમારી કૉલેજમાંથી ગુજરાતી (ઑનર્સ) વિભાગ બંધ કરવા માંગીએ છીએ. યુનિવર્સિટીએ આ માટે અનુમતિ આપતાં

જણાવ્યું : ''પણ ગુજરાતી વિભાગમાં કામ કરતા અધ્યાપકોના હોદ્દામાં ને વેતનમાં જરા પણ ફેરફાર થવો ન જોઈએ'' - આમ ગુજરાતી વિભાગ જળવાઈ રહ્યો.

કૉલેજમાં શિસ્ત જળવાય તે માટે જરૂરી દેખરેખ રાખતા પ્રો. ગોવિંદભાઈને એક માથાભારે વિદ્યાર્થીએ કહ્યું : ''સર, હું મારી ગર્લફ્રેન્ડ સાથે વરંડામાં વાતો કરતો હોઉં ત્યારે તમે મને ત્યાંથી ચાલ્યા જવાનું કહો છો, આથી મને મરવા જેવું લાગે છે, હોં!''

''કૉલેજ-પ્રિમાઈસીસમાં ને વળી વર્ગો ચાલતા હોય ત્યારે આવું ન ચલાવી લેવાય.''

આ સ્પષ્ટતાથી ઉશ્કેરાયેલા પેલા વિદ્યાર્થીએ ખંજર બતાવ્યું ત્યારે અભય અધ્યક્ષ ગોવિંદભાઈએ શાંતિથી કહ્યું, ''ભાઈ બેતાલીસની ક્રાંતિ વખતે અમે બૉમ્બ સાથે કામ પાડ્યું છે, તારું ખંજર ખિસ્સામાં જ રાખજે.''

પરીક્ષા વખતે ચોરી કરતાં ઝડપાયેલા વિદ્યાર્થીઓને સજા કરતાં-કરાવતાં ગોવિંદભાઈ કદી ખચકાયા નથી. આમ પૂરતો સ્નેહ કે જરૂરી સારવાર - ખાસ તો સાહિત્ય-સંસ્કાર આપતા આપતા ગોવિંદભાઈએ યુવાન સરખી સ્ફૂર્તિ છતાં વય-નિયમને અધિન થઈને કૉલેજની વિદાય લીધી. (૧૯૮૧)

મૂળે કવિજીવ ગોવિંદભાઈએ વિદ્યાર્થીકાળથી માંડીને અધ્યાપન-કાળ અને ત્યારબાદના નિવૃત્તિકાળમાં અનવરત સાહિત્ય-સાધના કરતાં કરતાં પચીસ જેટલાં કવિતા-વાર્તાનાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. તેમાં પ્રથમ સૉનેટ-સંગ્રહ ''સ્મૃતિ મંગલ'' થી માંડીને સને ૧૯૯૪માં એકીસાથે પ્રકાશિત 'કાવેરી', 'ડોલર ડેઝ' અને 'ચાલો ગૌરવ કરીએ' સમાવિષ્ટ છે. એમની વાર્તાઓ પણ પુરસ્કૃત થઈ છે. 'વર્ક ઈઝ ટૉનિક'ની માન્યતા સેવતા ગોવિંદભાઈ સરસ્વતીદેવીને એકસો આઠ અક્ષર-પુષ્પો (પુસ્તકો) ચઢાવવાનું લક્ષ્ય ધરાવતા હતા તે પૂર્ણ થયું છે. હવે અ-પ્રકાશિત હસ્તપ્રતો અનુકૂળતા થયે પ્રકાશિત થતી રહેશે. બાળકો માટે 'કલગીતો' પુસ્તક આપી શકનાર ગોવિંદભાઈની સાહિત્ય-સૃષ્ટિમાં વિહરવા માટે વાચકની પુખ્ત વાચન-કક્ષાની અપેક્ષા રહે છે.

સમગ્ર ભારત ઉપરાંત નેપાળ, સિલોન, અમેરિકા, ઈંગ્લેન્ડ અને કેનેડાનો પ્રવાસ કરી ચૂકેલા ગોવિંદભાઈની સાહિત્યિક સાધના પુરસ્કૃત પણ થતી રહી છે; મુલુંડ (મુંબઈ)ની 'સાહિત્ય સંસ્કાર' સંસ્થાના તેઓ ઘણાં વર્ષો લગી પ્રમુખ રહ્યા; એ સંસ્થાની પાક્ષિક ગોષ્ઠિમાં ભારતની વિવિધ ભાષાઓના સાહિત્યરસિકો પોતપોતાની રચનાઓનું પઠન કરતા ને હિંદીમાં તેનો ભાવાર્થ કહેતા. ગોવિંદભાઈએ 'મુલુંડ કલા કેન્દ્ર' જેવી સાંસ્કૃતિક સંસ્થાના પ્રમુખપદે પણ સેવાઓ આપી હતી. મુલુંડની લાયન્સ ક્લબે વ્યક્તિ વિશેષ તરીકે તેમનું સન્માન કર્યું હતું. (૧૯૮૯)

સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રના આનંદી આરોહક ગોવિંદભાઈ જીવનના યશ-ઉજ્જવલ સાત દાયકા પાર કરીને હજુ પણ સાહિત્યસાધનામાં મગ્ન રહે છે ત્યારે હાર્દિક શુભ-કામનાઓ પાઠવતાં આનંદ તો થાય જ; એ મનઃસ્થિતિમાં એમની શિક્ષક તરીકેની મનોભાવના એમના જ શબ્દોમાં સલામ સાથે નોંધવા જેવી છે :

''હું એક સારસ્વત નમ્રતાભર્યો,<br>
આરાધ્ય માટે શૂચિ વિશ્વભારતી<br>
સંવાદધ્યાને હું સમત્વ સંભર્યો,<br>
એશ્વર્યની નિત્ય ઉતારું આરતી.''

# નંદીદુર્ગ

- કાકાસાહેબ કાલેલકર

આપણે પૂનામાં ત્રિવેદી સાહેબને ત્યાં મળ્યા એ સારું થયું. જેમને પોતાનું ઘર જ નથી તેમને આખું વિશ્વ પોતાનું ઘર બની જાય છે. हे विश्वाचिमाझे घरा जयाचीमतिस्थिरा किं बहुना, हेंचराचरा आपणचि झाला है विश्वाचि माझे घर । जयाची मति स्थिर । किं बहुना, हें चराचर । आपणचि झाला। છતાં ત્રિવેદી સાહેબનું ઘર વિશેષ રીતે આપણને કૌટુંબિક વાતાવરણ પૂરું પાડે છે. પૂનેથી હું બેલગામ આવ્યો અને ત્યાંથી બેંગલોર. પૂનાથી બેલગામ ટ્રેનમાં ભીડ તોબા હતી. જ્યારે બેલગામથી બેંગ્લોર લહેર કરતો આવ્યો એમ કહી શકું.

રેલસંકટને વર્ષે બેંગલોર આવ્યો હતો. પણ ત્યારે તો પૂ. બાપુજી નંદીથી ઉતરી કુમારાપાર્કમાં પહોંચી ગયા હતા. એટલે આ બાજુના પ્રદેશનું આ ઘરેણું હું જોવા પામ્યો ન હતો. તને ખબર છે, આપણું કુટુંબ મૂળ કિલ્લેદારનું છે. આપણા પૂર્વજોએ શિવાજીના વખતમાં કિલ્લાઓ લડાવ્યા હશે. એ જ કારણે આપણને પહાડની મુસાફરીનો આટલો શોખ લાગ્યો છે. જ્યારે કોઈ ઊંચી ટેકરી કે જબરજસ્ત પહાડ જોઉં છું ત્યારે એના શિખર ઉપર પહોંચી જવાની ચળ મારા પગને છૂટે છે. એ પહાડ ઊંચો છે અને હું નીચે છું એ સહન જ થતું નથી. પણ આ વૃત્તિ વિજેતાની નથી, આરોહીની છે, જિજ્ઞાસુની છે. જેમ ઉપર જઈએ તેમ વધારે દેખાશે, દૂર દૂરનું દેખાશે અને એટલો આત્મીય ભાવ વધશે એ જ એનો આનંદ હોય છે. સ્વદેશભક્તિ એટલે સ્વજનસેવા, સ્વદેશમાં રહેતા તમામ લોકોની સેવા એ હું જાણું છું. છતાં હિંદુસ્તાનની કેવળ ભૂમિ પ્રત્યે પણ મારું સ્વતંત્ર આકર્ષણ ઓછું નથી. મારા દેશનો મોટામાં મોટો ભાગ એક સમાટો જ્યારે નજર તળે આવે છે ત્યારે હૈયું ફુલાય છે. રોટલીનું કે લાડુનું મોટું બટકું મોઢામાં નાખવાથી નાનપણમાં તને જે આનંદ આવતો એ જ આનંદ મને આ નાની આંખોમાં સ્વદેશનો મોટો બુકડો ભરી દેતાં થાય છે. હિમાલયમાં તુંગનાથ ઉપર કે એવા જ બીજા ઊંચા શિખર પર ઊભા રહી સેંકડો માઈલનાં બરફનાં શિખરોનો મેળો જ્યારે જોયો ત્યારે કેટલો આનંદ થયો હતો! સિલોનની દક્ષિણે દેવેન્દ્રમાં, જ્યાં આપણી દુનિયા પૂરી થાય છે ત્યાં, દીપગૃહ ઉપર ચડી ઉત્તરે જ્યારે નાળિયેરનાં ઝાડનો દરિયો ઉછળતો જોયો ત્યારે એટલો જ આનંદ થયો હતો. દક્ષિણે હિંદી મહાસાગર અને ઉત્તરે વિશ્વામિત્રની અવનવી સૃષ્ટિનો સાગર - આ બેનું મિલન જોઈ હૃદય - સાગરમાં અખાત્રીજ થઈ હોય તો એમાં આશ્ચર્ય શું? નદીનો જ ત્રિવેણી સંગમ હોય છે એમ નહીં, સાગરોનો પણ એવો સંગમ કલ્પી શકાય છે.

કૂર્ગની રાજધાની મરકારમાં પણ એક એવું જ સ્થાન છે જ્યાં પ્રકૃતિમાતા સમ્રાજ્ઞીની પેઠે પોતાનો અતુલ વૈભવ પ્રગટ કરે છે. અને સિલોનમાં જ્યારે અનુરાધાપુર પાસે મહેન્દ્રના શિખર ઉપર

સંધ્યાકાળે જઈ પહોંચ્યો ત્યારે દૂર દૂરનો પ્રત્યક્ષ પ્રદેશ દેખાયો એમાં આશ્ચર્ય શું? પણ સમ્રાટ અશોક, મહેન્દ્ર અને સંઘમિત્રાના દિવસો સુધીનો આપણો ઈતિહાસ પણ મારી નજર આગળ પ્રત્યક્ષ થયો. જેને હૃદય વિશાળ કરી આ વિશ્વ સાથે એકતા અનુભવવી છે એણે ઉપર અને ઉપર ચડવું જ જોઈએ એમ ધર્મરાજા યુધિષ્ઠિર પણ જાણતા હતા. ગિરિઆરોહણ એ પણ જન્મભૂમિની ઉપાસનાની એક ઉત્તમ સાધના છે.

તને થશે કે નંદીનું વર્ણન કરવા જેવું કશું નથી એટલે આમ બીજા પહાડોની જૂની વાતો લખી છે; પણ એવું નથી. કોઈપણ પ્રવૃત્તિ શરૂ કરતાં પહેલાં એના પૂર્વાચાર્યોનું સ્મરણ કરવું એ સ્વાભાવિક છે અને શાસ્ત્રવિહિત પણ છે. તારી જો અપેક્ષા હોય કે નંદીના આ પહાડનો જૂનો ઈતિહાસ તને હું લખવાનો છું તો તારે નિરાશ થવું જઈએ. આપણે જાતે સંશોધન તો કરતા નથી. ગેઝેટિયર મંગાવીએ છીએ અને એમાં જે માહિતી જડે તે જુદી જુદી રીતે લખીએ છીએ. મારે એ નથી કરવું. હું એટલું જ કહીશ કે નંદીનું આખું નામ નંદીદુર્ગ છે અને પ્રાચીન કાળમાં આ જ સ્થાનનું નામ નંદગિરિ હતું. નંદ એટલે આનંદ. આજે પણ આ પહાડ ઉપર આનંદનો ઢગલો પડેલો છે. આ પહાડની તળેટીમાં શિલામાં કોતરેલા નાનામોટા અનેક નંદી વિરાજમાન છે અને આખો પહાડ પણ મોટા પોઠિયા જેવો જ દેખાય છે. સંસ્કૃત કવિઓને શાબ્દિક સામ્ય ઉપરથી પણ કલ્પના સૂઝે છે. શૃંગ એટલે શિંગડું અને શૃંગ એટલે શિખર; એ ઉપરથી નંદી અને પહાડ બંને શૃંગી છે માટે પણ આ પહાડનું નામ નંદને બદલે કોકે નંદી કર્યું હશે. પહાડતળે ભોગનંદીનું મંદિર છે જ્યારે પહાડ ઉપર યોગનંદીનું મંદિર છે. ભોગછોડીને માણસ ચડે ત્યારે જ એ યોગારૂઢ થઈ શકે છે.

નંદી સ્ટેશને લગભગ સાડા દસ વાગ્યે પહોંચ્યો. સ્ટેશનથી પહાડ બહુ આકર્ષક નથી લાગતો. મુંડન કરેલો કોઈ સાધુ ઊભો હોય એના માથા જેવો એ પહાડ છે. દૂરથી એ માથા ઉપર મહાદેવના મંદિર જેવું કંઈક દેખાય છે એટલી જ એની શોભા. તળેટી સુધી મને લઈ જવા માટે એક રિક્ષા આવી હતી. પણ માણસ જેવો માણસ ઢોર બની આપણને ખેંચીને લઈ જાય એ સ્થિતિ મને પસંદ નહોતી. અને પહાડ ચડતાં પહેલાં બે માઈલ ચાલી નાખવું એ પણ મોટો સવાલ નહીં હોવાથી મેં મારો સામાન રિક્ષામાં મૂકી દીધો અને પગે ચાલવાનું પુણ્ય પોતાનું કર્યું.

પહાડની તળેટીએ આપણને જીવતા ઊંચકવા ચાર માણસ તૈયાર જ હોય છે. નેતરની આકર્ષક ખુરશી પણ બેસવા માટે નોતરે છે, છતાં પહાડ ચડવાનો આનંદ મળે અને ખુરશીના અઢી રૂપિયા બચે એમાં બધી બાજુએ લાભ જ હતો. પણ મેં એક ભૂલ કરી. એક સ્વયંસેવક ઉપરથી મારે માટે ફળોનો નાસ્તો લઈ આવ્યો હતો. મેં એ ફળ ધરાઈને ખાધાં. મને થયું કે પહાડ ઉપર એન્જિન ચડે એ પહેલાં એની પાસે કોલસા પાણી પૂરતાં હોવાં જોઈએ. પહાડ ચડનારા અમે ત્રણ ચાર જણા હતા. અમને જતા જોઈ નીચેના ગામડાના એક અજાણ્યા છોકરાને થયું કે ચાલો આપણે પણ સાથે જઈએ. ગાડું જોઈને એની સાથે દોડવાની નિષ્કામવૃત્તિ કેવળ ગ્રામસિંહને જ હોય છે એમ નહીં, માણસમાં પણ આવી સામાજિક વૃત્તિ મૂળથી જ છે. માણસે વિચારપૂર્વક એ કાઢી નાખવાનો પ્રયત્ન કર્યો છે, છતાં મરણ અને પરણ વખતે તો એ દેખા દે છે જ. છોકરાને મેં ઠીક ઠીક નાસ્તો આપ્યો એટલે એણે મારી એક નાનકડી ટોપલી ઉપાડવાનું પસંદ કર્યું. થોડોક ભાર પેટમાં

અને થોડોક પીઠ ઉપર એ વ્યવસ્થા એને ફાવતી આવી અને હું બેવડા બોજામાંથી મુક્ત થયો.

નંદી ચડવાના મુખ્ય રસ્તા બે છે. એક જૂનો અને પગથિયાંવાળો, અને બીજો દૂરનો પણ હળવો. અંગ્રેજીમાં એને 'બ્રાઈડલ પાથ' કહે છે. આપણે એને ઘોડરસ્તો અથવા ટટ્ટુમાર્ગ કહીશું. પૂ. બાપુજી આ રસ્તે ચાલતા આવ્યા. પાંચ માઈલનો એ રસ્તો પૂરો કરતાં એમને બે કે અઢી કલાક લાગ્યા.

ટૂંકે રસ્તે નીચેથી ઉપર સુધી મોટાં મોટાં પગથિયાં છે. પગથિયાં ઉપર પચાસ પચાસને આંતરે આંકડા લખેલા છે. છેક ઉપરના ફાટક આગળ ૧૬૫૦ વંચાય છે. આ આંકડા પગથિયાંના છે કે ફૂટના એ વિશે અમારી વચ્ચે મતભેદ છે. મહાદેવભાઈ માને છે કે ફૂટના છે જ્યારે મને લાગે છે કે એ પગથિયાંની સંખ્યા બતાવે છે. વચમાં વચમાં મેં ગણી જોયું ત્યારે બે આંકડા વચ્ચે બરાબર ૫૦ પગથિયાં ગણાયાં. જ્યારે મહાદેવભાઈને બે આંકડા વચ્ચે ૫૩ પગથિયાં જણાયાં. ગેઝેટિયરમાં લખ્યું હશે કે તળેટીથી શિખર ૧,૬૫૦ ફૂટ ઊંચું છે, અને તળેટી સમુદ્રના લેવલથી ૩,૦૦૦ ફૂટ છે. એટલે આ પહાડ ઊંચાઈમાં અલમોરાની નજીક આવ્યો ગણાય. જેમણે પહાડની મુસાફરી નથી કરી તેમને આ ઊંચાઈની ચર્ચા અને ચીકણાશ અર્થ વગરની લાગશે. પણ પહાડના રસિયાઓને તો આમાં ક્રિકેટમેચના સ્કોર કરતાંય વધારે રસ પડે.

મેં પગથિયાં શરૂ કર્યાં અને પેટમાંનાં ફળોએ વાંધો ઊઠાવ્યો. પેટમાં જમણી બાજુએ દુઃખવા માંડ્યું. મનમાં બીક પેઠી કે કદાચ રસ્તામાં બેસવું પડે. પણ ઘણીવાર આવી બીક અસ્થાને હોય છે. જે કાચા જીવનો હોય એ જ એને ગણકારે છે. આટલો ઊંચો પહાડ ચડવાનો છે એવો ખ્યાલ મનમાં આણી મારા સાથીઓ ઉતાવળે ચાલવા મંડ્યા. હું એવી ભૂલ કેમ કરું? રસ્તાની ઊંચાઈ અને ચાલવાની ગતિનું પ્રમાણ સાચવવાની કળા મારા હાથમાં અથવા ખરું કહું તો મારા પગમાં આવી ગયેલી છે. મેં તો આસ્તે આસ્તે કદમ દર કદમ ચાલવા માંડ્યું. અને કોઈપણ ઠેકાણે થાક ખાવા કે વાતો કરવા થોભ્યા વગર ૪૬ મિનિટમાં ટીપુ સુલતાનના ગ્રીષ્મવિહાર ભેગો થયો. કહે છે કે આ રસ્તો સવા કલાકનો છે. મારી ખાતરી છે કે કોઈપણ સામાન્ય માણસ મારી ઢબે ચાલે તો ૪૫ મિનિટમાં પહોંચી જ જાય.

બીજી પંદર મિનિટ અને હું ઓકલેન્ડ્ઝમાં પૂ. બાપુજીને પગે લાગ્યો. હવા સરસ હતી. જેમ જેમ ઉપર ચડીએ તેમ તેમ દૂર દૂરનાં ખેતરો, પહાડો, ગામડાંઓ અને તળાવો દેખાવા લાગ્યાં. લાલ લાલ જમીન અને તેમાં ચાંદીના રસ જેવાં ચળકતાં તળાવ! આવું દૃશ્ય ગોઠવવા જઈએ તોય મુશ્કેલ. અને આ વિસ્તીર્ણ પ્રદેશમાં અનેક રસ્તાઓ, માણસની વસ્તીઓ શોધતા શોધતા દૂર દૂર જાય છે. માણસને જો યાત્રાનું પુણ્ય મળતું હોય તો યાત્રા કરાવનાર આ રસ્તાઓનું પુણ્ય કેટલું! દૂર દૂર જનારા અને બે બાજુનાં ઝાડ પરથી વર્તાઈ આવનારા રસ્તાઓ પહાડ ઉપરથી જોઈ કેટલાયે વિવિધ વિચારો મનમાં આવે છે. રસ્તાની ન્યાત વણજારાની છે. પ્રજાઓ વચ્ચે એ સંસ્કૃતિના એલચીનું કામ કરે છે. જંગલોનાં હૃદયો વીંધીને માણસ માટે એને એ ઉઘાડાં કરે છે. દરેક જાતની નિશાનીઓ ભૂંસી નાખનાર રેતીના રણ ઉપર પણ એ વિજય મેળવે છે. આમતેમ વાંકોચૂકો ફરી પહાડોની ખુશામત કરતો એ માથે ચડી બેસે છે. નદી-નાળાં પણ એને રોકી

શકતાં નથી. માણસની દુર્દન્ત પરિવ્રાજક ઈચ્છાશક્તિનો એ પ્રતિનિધિ છે.

નંદીનો રસ્તો સિંહગઢ જેટલો લાંબો કે આકરો નથી એટલે હું એનું લાંબું વર્ણન લખું તો તે પ્રમાણ બહાર થઈ જાય. સિંહગઢને રસ્તે રાત્રે વાઘ પણ મળે, અહીં તો સસલું પણ ન મળે. જે રસ્તે વીજળીના દીવા હોય તેને કોઈ જંગલી રસ્તો કહે ખરા? અહીં તો ઠેકઠેકાણે પાટિયાં ચોડ્યાં છે કે રાજ તરફથી અહીં આટલાં જામફળ વાવ્યાં છે, અહીં આટલાં મોહોગોની છે, આટલાં કરણજી છે ઇત્યાદિ. સર વિશ્વેશ્વરૈયાએ નંદીને શણગારવાનું શરૂ કર્યું અને સર મિરઝા ઈસ્માઈલે તે પૂરું કર્યું. હવે નીચેથી ઉપર સુધી મોટરો આવી જાય એવો રસ્તો કર્યો એટલે થઈ રહ્યું. પછી તો નંદીની શાંતિ અને સાત્ત્વિકતા આસપાસની ટેકરીઓ પર ભાગી જશે અને અહીં હોટલો, મોજમજા અને રેડિયો આવી જશે. મુંબઈએ મલબારહિલનું જે કર્યું તે જ બેંગલોર નંદીનું કરી મૂકશે. ભોગલોલુપ માણસને દરેક કુદરતી સૌંદર્ય બરાબર બગાડતાં આવડે છે.

થાક્યાપાક્યા તમે ઉપર આવો એટલે પહેલો આનંદ અહીંની ઝાડી છે. અંદર પેસતાંવેંત ગંભીર રાજપુરુષ ઊભા હોય એવી રીતે જાડાં થડવાળાં યુકેલિપ્ટસનાં ઊંચા સરલ વૃક્ષોની ઘટા દેખાય છે. જ્યાં જુઓ ત્યાં આ ઝાડ અથવા એમના બચ્ચાં કાળજીપૂર્વક વાવેલાં દેખાય છે. વચમાં વચમાં કપૂરનાં ઝાડ પણ છે. બોરડીમાં આપણે જોયાં હતાં એવાં સરુના ઝાડ પણ છે.

દુર્ગની વચ્ચોવચ એક વિશાળ પુષ્કરિણી છે જેનું નામ અમૃતસરોવર પાડ્યું છે. ચારે બાજુનાં ઊતરતાં પગથિયાં માણસને પાણી તરફ દોડી જઈ હાથ, પગ, માથું અને પેટ ઠંડું કરવાને નોતરે છે. પણ રાજ્ય તરફથી બહુ જ ઉપયોગી અને કડક પ્રબંધો હોવાથી અંદર કોઈ માણસ કે જાનવર ઊતરી શકતું નથી. કાયદાને ન માનનારાં કેટલાંક પાંદડાંઓ પવનની મદદથી અંદર તરવા ઉતરે છે ખરાં, પણ એમને પણ એ લહેર લાંબા વખત સુધી મળતી નથી. આટલું સ્વચ્છ રાખેલું પાણી આરોગ્યપ્રદ હોય છે એ કહેવાની જરૂર ન હોય, છતાં ડૉકટરો તરફથી આ પાણીનું દર મહિને રીતસર રાસાયણિક પૃથક્કરણ કરવામાં આવે છે. આજકાલ અહીં ગાંધીજી છે એટલે દર પંદર દિવસે થાય છે.

આપણાં તીર્થસ્થાનોમાં પાણી સ્વચ્છ રાખવાના નિયમો ઘણા છે પણ આપણે લોકોએ દરેક ઠેકાણે એવો તો બગાડ કર્યો છે કે તીર્થસ્થાન એટલે અનાચાર અને નફટાઇ સાથે મરકીનું પણ એક પિયર થયું છે.

દુર્ગની દક્ષિણે મહાદેવનું મંદિર છે. એમાં મહાદેવની સાથે નંદી, અંબિકા, કાળભૈરવ ઇત્યાદિ અનેક મૂર્તિઓ છે. દેવોની મૂર્તિઓ તો હોય જ પણ અહીં પહેલ વહેલા આવીને વસેલા ઋષિની એક મૂર્તિ પણ છે. ઉમ્માંડ ઋષિ એમનું નામ.

પશ્ચિમ તરફ એક કરાડ છે. ટીપુના વખતમાં જેને દેહદંડની સજા કરવી હોય તેને આ કરાડ ઉપરથી ધકેલી દેતા હતા. મહારાષ્ટ્રના દરેક કિલ્લા ઉપર આવું સ્થાન હોય જ છે. આપણે ત્યાં એને કડેલોટ કહે છે. સિંહગઢ પરનો કડેલોટ તેં જોયો છે જ. અહીંના કડેલોટને 'ટીપુઝ ડ્રોપ' કહે છે. વીજળીની ખુરશીમાં બેસાડી માણસને મારવા કરતાં આ પદ્ધતિ ઓછી ખર્ચાળ અને વધારે માણસાઈભરી ગણાવી જોઈએ. માણસને હવાની મુસાફરી કરવા મોકલી દીધો એટલે હેબતાઈને જ એ અદ્ધર મરી જવાનો અને ન મરે તોય બેભાન તો થવાનો જ.

પછી પતકાળાની પેઠે નીચે અથડાયો કે એક ક્ષણમાં ચૂરેચૂરા. લાશની વ્યવસ્થા પણ કરવાપણું ન રહે. વાઘ, વરુ, શિયાળવાં, સમડી કેટલાંય એ ઉજાણીનાં ઉમેદવાર.

અમે રોજ સવાર-સાંજ ખૂબ ફરીએ છીએ. હવા તો મઘમઘ મહેકતી જ હોય. પવન મોટે મોટેથી વાતાવરણનો રિપોર્ટ આપતો હોય. ધોળાં અને લાલ ફૂલ જાણે નશો કર્યો હોય તેમ ડોલતાં હોય અને જાત જાતનાં પંખી ગાયકો પોતપોતાનો ખાસ આલાપ હવામાં છોડતાં હોય એવે વખતે રખડતાં કોણ થાકે? અને થાકે તોય ઠેકાણે ઠેકાણે પથરાના બાંકડા ‘આવો બાપુ’ ‘બેસો બાપુ’ કહીને પંપાળવા તૈયાર છે.

ના, પંપાળવાનો ખરો ઠેકો તો અહીં સૂરજનાં સોનેરી કિરણોએ લીધો છે. આજકાલ બધે વાદળાં તો હોય જ એટલે સૂરજ ઊગે ત્યારેય સંતાકૂકડી, અને આથમે ત્યારેય એ જ રમત. અને સૂરજનાં કિરણો ફેલાયાં એટલે આસપાસનાં અને દૂર દૂરનાં અસંખ્ય જળાશયો એકાએક ચળકવા માંડે છે. ઘડીકમાં થાય છે કે કલાઈનો રસ ઢોળાયો છે, ઘડીકમાં થાય છે કે આકાશનું ઝુમ્મર તૂટીને એના કકડા વેરાયા છે; ઘડીકમાં થાય છે કે મયાસુરને ઈન્દ્રનો રાજમંડપ ઊભો કરવો છે તેની આ પૂર્વ તૈયારી છે અને ઘડીકમાં થાય કે લોકો તરફથી થતી હેરાનગતિથી કંટાળીને પૃથ્વીમાતાએ પોતાનું સોનું અને પોતાની ચાંદી બધી જ પેટમાંથી ઓકી કાઢી છે. અથવા વનસ્પતિસૃષ્ટિ અને પ્રાણસૃષ્ટિની ભૂખનો ખ્યાલ આવતાંવેંત ધરતીએ આ સ્તન્યધારા છોડી છે એમ કેમ ન હોય! ગમે તે હો પણ જ્યાં જુઓ ત્યાં જળાશય એ અહીંના દશ્યની ખાસિયત છે. અને છતાં આ કંઈ બંગાળની ભૂમિની પેઠે દલદલ કે કળણ નથી. આ તો ખાસી ત્રણ હજાર ફૂટ ઊંચી ખડબચડી જમીન છે. અહીં કાદવ ન મળે.

કાલે રાત્રે મોટું તોફાન થયું. પવનના વંટોળિયા ચક્કર ખાવા લાગ્યા. અમે બારીબારણાં બંધ કરી પક્ષીનાં બચ્ચાં માળામાં બેઠાં હોય એમ બેસી ગયાં. એટલામાં કડાક થઈને વીજળી પડી અને ઘરની અંદરની વીજળીની બધી બત્તીઓ ઓલવાઈ ગઈ. આવે વખતે અંધારાની લહેજત ખરેખર માણવા જેવી હોય છે. અંધારું એ કંઈ દારિદ્ય નથી પણ સમૃદ્ધિ છે. પૃથ્વી કરતાં જેમ આકાશ અનંતગણું મોટું છે, વાણી કરતાં મૌન અનંતગણું વિશાળ છે, તેમ જ પ્રકાશ કરતાં અંધારું તુલના ન થઈ શકે એટલું વૈભવશાળી છે.

અમાસની રાત્રિએ કરોડો તારાઓ ચળકે છે. છતાં એ બધા મળીને પણ આકાશનું પોલાણ રતીભાર પણ ઓછું કરી શકતા નથી. તે જ પ્રમાણે દુનિયાની તમામ જ્યોતિઓ મળી, ‘બધે અંધારું જ છે,’ એટલું જાહેર કરવા જેટલી પણ શક્તિ ધરાવતી નથી. આખા હિંદુસ્તાનમાં જો ત્રણ ઝાડ હોય તો કોઈ એને વન કે જંગલ કહી ન શકે. એવી જ રીતે આકાશમાં નવલખ તારા મળીને પણ એને કોઈ વસ્તી ન કહી શકે!

અમારી પૂર્વ તરફ સુલતાનપેઠ, નંદી અને ચિકબળ્ળાપુર આ ત્રણ ગામડાં છે. ત્રણેમાં વીજળીની સગવડ છે. એટલે આકાશના તારાનગરની પેઠે આ ત્રણેય ગામડાં આખી રાત ઝબૂક ઝબૂક ઝળકે છે. તારાઓ અને દીવાઓ વચ્ચે પ્રમાણ ભલે ન હોય છતાં સામ્ય તો છે. સૂસવતો પવન અમને બંગલાની અંદર હાંકી ન મોકલત તો હું આખી રીત એ બંનેનું ધ્યાન જ ધરવા બેસી જાત.

**- સાભાર : રખડવાનો આનંદ પુસ્તકમાંથી**

# શ્રીમાન જીમ કોર્બેટનું ભારત

## પ્રકરણ-૬ ચમારી

- રાજેન્દ્ર દવે

તેના નામ પ્રમાણે ચમારી ભારતના છ કરોડ અંત્યજ પૈકી સૌથી નીચેના સ્તરમાંથી આવતો હતો. જેના ચહેરા પર વર્ષોની યાતના સાફ દેખાતી હતી. બે બાળકોએ જેના ફાટી ગયેલા ઘાઘરાને પકડી રાખ્યો હતો, તેવી એકવડા બાંધાની પત્ની સાથે પોતાને કામ પર રાખવા ચમારીએ મારી પાસે અરજી કરી. ઠીંગણો અને દૂબળો ચમારી ભારે સામાન ઊચકવા સશક્ત ન હતો. તેથી મેં તેને અને તેની પત્નીને કોલસો એક વેગનમાંથી ઉતારી બાજી વેગનમાં ચડાવવાના ટ્રાન્સશિપમેન્ટના કામ પર રાખ્યો. બીજા દિવસે સવારે મેં આપેલા પાવડા અને છાબડી લઈ યુગલ પોતાની સીમિત તાકાતથી વધારે તો હિંમત અને ઉદ્યમ સાથે કામે લાગ્યું. પરંતુ સાંજ પડે એ પહેલા તેમણે બાકી રાખેલું કામ પૂરું કરવા મારે બીજા મજૂર મૂકવા પડ્યા કેમ કે માલગાડીના પચાસ વેગનમાંથી એકને ખાલી કરવામાં વિલંબનો અર્થ હતો બાકીના સેંકડો મજૂરોના કામ પર પાણી ફેરવવું.

ચમારી અને એની પત્ની બે દિવસ સુધી બહાદુરીપૂર્વક ઝઝૂમતાં રહ્યાં. અંતે ત્રીજા દિવસે, જ્યારે તેઓ ફોલ્લાંથી ખદબદતા હાથ પર ચીંથરાના પાટા બાંધી કામ શરૂ કરવાની રાહ જોતાં ઊભા હતાં, ત્યારે મેં ચમારીને પૂછ્યું કે તેને વાંચતા-લખતા આવડે છે કે નહીં. તેણે કહ્યું કે તે થોડું ઘણું હિન્દી લખી-વાંચી શકતો હતો. મેં તેને પાવડા અને છાબડી સ્ટોરમાં પાછા આપી મારા કાર્યાલયમાં આવવા કહ્યું. મેં જોયું કે ચમારી અને તેની પત્ની કોલસો સારવાની મજૂરી કરી ગુજરાત ચલાવી શકે તેમ નથી. થોડા દિવસ પહેલા જ મેં કોલસા-ટુકડીના મુકાદમને તેની અતિશય દારૂ પીવાની લતને કારણે બરતરફ કર્યો હતો - મારી કારકિર્દીની તે એક માત્ર બરતરફી હતી. મેં ચમારીને મુકાદમ તરીકે અજમાવી જોવા વિચાર્યું.

ચમારીએ વિચાર્યું કે નક્કી મેં તેને બરતરફ કરવા માટે મારા કાર્યાલયમાં બોલાવ્યો હશે. મેં જ્યારે તેના હાથમાં નવો ચોપડો અને પેન્સિલ આપી, કોલસાના દરેક વેગનનો નંબર અને તેની સામે તેના પર કામ કરી રહેલા સ્ત્રી-પુરુષના નામ નોંધી લાવવાનું કહ્યું ત્યારે તેના આનંદ અને ગર્વનો પાર ન રહ્યો અને અડધા કલાક બાદ તે મેં માગેલી પૂરી માહિતી ચોપડામાં સુવાચ્ય રીતે નોંધી લાવ્યો. માહિતીની ખરાઈ ચકાસી, ચોપડો પાછો તેના હાથમાં આપી મેં ચમારીને કહ્યું કે હવે તે બસો સ્ત્રી-પુરુષો સાથેની કોલસા-ટુકડીનો મુકાદમ હતો અને તેની મુકાદમ તરીકેની ફરજ અને જવાબદારી સારી રીતે સમજાવી દીધી. તે વિનમ્ર માણસ, જે થોડા કલાકો પહેલા પોતાના નીચી જાતિમાં થયેલા જન્મના ભાર નીચે દબાયેલ હતો, હવે હાથમાં ચોપડો અને કાને પેન્સિલ ભરાવી, જીવનમાં પહેલી વાર ઉન્નત મસ્તકે મારા કાર્યાલયમાંથી બહાર નીકળ્યો.

મેં કામ પર રાખેલા બધા માણસોમાં ચમારી સંનિષ્ઠ અને મહેનતુ માણસ હતો. તેના હાથ નીચે બ્રાહ્મણ, ક્ષત્રિય, ઠાકુર જેવા દરેક જ્ઞાતિના સ્ત્રી-પુરુષ કામ કરતાં હતાં અને ચમારી તે

દરેકને તેમની જ્ઞાતિ અનુસાર સન્માન આપતો. બીજી તરફ તેના માણસોએ તેની સત્તાને પડકારી હોય તેવું ક્યારેય નથી બન્યું. તેની નીચે કામ કરતાં મજૂરોના વ્યક્તિગત કામનો હિસાબ રાખવાની જવાબદારી ચમારી પર હતી. મારી સાથેના વીસ વર્ષના તેના કાર્યકાલ દરમિયાન આ હિસાબોની ખરાઈ બાબત ક્યારે પણ સંશય નથી ઊઠ્યો.

દર રવિવારની સાંજે એક નાના સ્ટૂલ પર હું અને મારી સામે ચટાઈ પર ચમારી, અમારી વચ્ચે પૈસાની થપ્પી લઈ બેસતા. અમારી ફરતે કોલસાથી ખરડાયેલા ચહેરા વાળા, પોતાના સાપ્તાહિક મહેનતાણાની ઉત્સુકતાથી રાહ જોતાં મજૂરોનું કુંડાળું રહેતું. રવિવારની આવી સાંજ મારા માટે પણ એટલી જ આનંદપ્રદ હતી. જેટલી મારી આસપાસ બેઠેલા મહેનતુ અને સરળ માનવી માટે, કેમ કે એમને જેટલી ખુશી પોતાના પરસેવાની કમાણી મેળવીને થતી, એટલી જ મને તે આપતા થતી.

આખા સપ્તાહ દરમિયાન મજૂરો અડધો માઈલ લાંબા પ્લેટફોર્મ પર કામ કરતાં. કેટલાક મજૂરો મેં એમના માટે બનાવેલા રહેણાંકમાં તો કેટલાક આસપાસના ગામમાં રહેતાં. આથી સપ્તાહ દરમિયાન એમની વચ્ચે સામાજિક કે વ્યાવહારિક આપ-લે માટે તક નહિવત રહેતી. આથી રવિવારે સાંજે મળતી આવી તકનો બધાં પૂરો ફાયદો લેતાં. મહેનત કરી જીવનારા માનવી હંમેશા આનંદી હોય છે. તેમની પાસે કાલ્પનિક મુશ્કેલીઓ - જે વાસ્તવિક મુશ્કેલીઓ કરતા હંમેશા વધુ ભયજનક હોય છે - ઊભી કરવાનો સમય જ નથી હોતો. મારા માણસો ગરીબ ચોક્કસ હતાં અને તેઓનું જીવન અનેક મુશ્કેલીઓથી ઘેરાયેલું હતું છતાં તેઓમાં રમૂજ અને વિનોદ-વૃત્તિની કમી નહોતી. હું તેઓની ભાષા તેઓ જેટલી જ સારી રીતે સમજી અને બોલી શકતો હતો અને તેથી તેમની નિર્દોષ મજાક-મશ્કરી માણી શકતો હતો.

સપ્તાહના અંતે ચમારી મેં આપેલી ચલણી નોટ મોકામેહ બજારમાં વટાવી પરચૂરણ લઈ આવતો. રવિવારે સાંજે અમે અમારી વચ્ચે પૈસાની થપ્પી લઇ બેસતા. ચમારી સપ્તાહ દરમિયાન દરેક વેગન ખાલી કરનારા સ્ત્રી-પુરુષના નામ એક પછી એક બોલતો જતો અને હું ગણતરી કરી દરેક મજૂરને તેને મળવાપાત્ર રકમ ચૂકવતો. હું વેગન દીઠ દસ આના મહેનતાણું આપતો. એક વેગન ખાલી કરનાર મજૂરોમાં મહેનતાણું સરખા ભાગે વહેંચી શકાય એમ ન હોય તો શેષ વધેલા પૈસાનું મીઠું ખરીદી, તેના સરખા ભાગ પાડતા. આ રીત બધાં માટે સંતોષકારક હતી, કેમ કે કામ કમરતોડ જરૂર હતું અને કામના કલાક લાંબા જરૂર હતા પણ મહેનતાણું ખેતીના કામમાં મળે તેના કરતાં ત્રણ ગણું મળતું. વળી ખેતીનું કામ મોસમી અને કામચલાઉ રહેતું, જ્યારે મારું કામ તો કાયમી હતું અને આખું વર્ષ ચાલતું.

શરૂઆતના માસિક પંદર રૂપિયાથી ધીરે-ધીરે વધી ચમારીનો પગાર મોટા ભાગના રેલવે કારકુનના પગાર કરતા વધુ, ચાલીસ રૂપિયા માસિક, સુધી પહોંચ્યો હતો. ભારતમાં માણસની પ્રતિષ્ઠા તેની આવક ઉપરાંત તે આવક ક્યાં વપરાય છે તેના પર આધાર રાખે છે. બિરાદરીમાં ચમારીની પ્રતિષ્ઠા તેની આવકને કારણે તો હતી જ, પરંતુ તેનાથી વધારે ચમારી પોતાની આવક જે ઉમદા કાર્ય માટે વાપરતો હતો તેના કારણે હતી. ચમારીએ ભૂખને નજીકથી જોઈ હતી, અનુભવી હતી. જેવું દુઃખ તેણે પોતે

ભોગવ્યું હતું તેવું બીજા કોઈને ભોગવવું ન પડે તે માટે પોતાનાથી બનતું બધું કરી છૂટવાનો તેણે નિર્ધાર કર્યો. તેના બારણે આવેલ દરેક આગંતુક માટે તેનું રસોડું ખુલ્લું રહેતું. તેની પત્નીએ રાંધેલું ભોજન જ્ઞાતિ-બાધ વશાત જમી ન શકે તેવા અતિથિને જાતે રસોઈ બનાવી લેવા જરૂરી સીધુ-સામાન મળી રહેતાં. તેની પત્નીના કહેવાથી મેં ચમારીને તેના આટલા ઉદાર આતિથ્ય વિષે વાત કરી તો મને કહે કે તેના અને તેના કુટુંબના ભરણ-પોષણ માટે તેને શરૂઆતમાં મળતા પંદર રૂપિયા પૂરતા હતા. તેની પત્નીને ખર્ચ કરવા જો વધુ પૈસા મળશે તો તે ઉડાઉ બની જશે. કેવા ઉડાઉ ખર્ચની તેને ચિંતા હતી એવા મારા પ્રશ્નના ઉત્તરમાં ચમારીએ કહ્યું કે તેની પત્ની હંમેશા ચમારીના પહેરવેશ બાબત તેને મહેણાં મારતી રહેતી. તેણીના કહેવા અનુસાર ચમારીનો પહેરવેશ તેની હેઠળ કામ કરતા મજૂરોના પહેરવેશ કરતા વધુ સારો હોવો જોઈએ, જ્યારે ચમારી માનતો કે કપડા પર ખર્ચ કરવા કરતા ગરીબોને ભોજન કરાવવું એ પૈસાનો વધુ સારો ઉપયોગ હતો. પોતાની દલીલના ટેકામાં કહે 'તમને જ જુઓ ને મહારાજ' - ચમારી અમારી ઓળખાણની શરૂઆતથી અંત લગી મને આ રીતે જ સંબોધતો રહ્યો - 'તમે આ એક જ સૂટ વર્ષોથી પહેરો છો. જો તમે તેવું કરી શકો તો હું શા માટે નહીં?' તે જાણતો ન હતો કે મારી પાસે તેવા બે સૂટ હતાં.

વિલ્હેમ કૈઝરે પોતાનું યુદ્ધ શરૂ કર્યું ત્યારે હું મોકામેહમાં સોળ વર્ષ વિતાવી ચૂક્યો હતો. મને સેનામાં ભરતી થવા માટે રેલવેએ ત્યારે જ સંમતિ આપી, જ્યારે હું સામાન સારવાનો મારો ઠેકો ચાલુ રાખવા સંમત થયો. મારા માણસોને યુદ્ધની અસર, તેના સૂચિતાર્થ સમજાવવા લગભગ અશક્ય હતાં, પરંતુ તેમાંનો દરેક મારી ગેરહાજરીમાં કામ ચાલુ રાખવા તૈયાર હતો. હું ફ્રાન્સ અને ત્યારબાદ વઝીરિસ્તાનમાં લડી રહ્યો હતો તે બધા વર્ષો દરમિયાન મોકામેહ ઘાટ પર માલની હેરફેર કોઇ બાધા કે અડચણ વિના સરળતાથી ચાલતી રહી તેનું સઘળું શ્રેય મારા માણસોની નિષ્ઠા અને વફાદારીને જાય છે. ચાર વર્ષ બાદ હું પાછો ફર્યો અને મારા માણસો સાથે મારો સંપર્ક ફરી જોડાયો ત્યારે, હું જાણે એકાદ દિવસ માટે જ તેમનાથી દૂર ગયો હતો એવી સુખદ લાગણી થઇ. તેમની તો એ દઢ માન્યતા હતી કે મારું યુદ્ધમાંથી હેમખેમ પાછા ફરવું એ મંદિર, મસ્જિદ અને બીજા દેવાલયોમાં તેમણે કરેલી પ્રાર્થનાનું જ ફળ હતું.

હું યુદ્ધમાંથી પાછો ફર્યો તે પછીના ઉનાળામાં બંગાળમાં કોલેરાનું ખૂબ જોર હતું. અમારી કોલસા-ટુકડીની બે સ્ત્રી અને એક પુરુષ પણ કોલેરાના શિકાર બન્યા. મેં અને ચમારીએ મળીને પીડિતોની સાર-સંભળ રાખી, હિંમત આપી, કહો ને કે માત્ર ઇચ્છા શક્તિના બળ વડે સાજા કર્યા. આ બનાવના થોડા દિવસ બાદ એક રાત્રે મેં મારા બંગલાની પરસાળમાં કોઇકના ચાલવાનો અવાજ સાંભળ્યો. મારા 'કોણ છે?' પ્રશ્નનો અંધારામાંથી જવાબમાં મળ્યો 'હું ચમારીની પત્ની, આપને કહેવા આવી છું કે ચમારીને કોલેરા થયો છે.' તે બાઇને રોકવાનું કહી મેં ઝડપથી કપડાં બદલી, ફાનસ પેટાવ્યું અને હાથમાં ફાનસ અને નાનો દંડો લઇ - મોકામેહ ઘાટ ઝેરી સાપથી ભર્યો પડ્યો હતો - તેની સાથે ચાલી નીકળ્યો. તે દિવસે ચમારી આખો દિવસ કામ કર્યા બાદ ઢળતી બપોરે મારી સાથે નજીકના ગામમાં આવ્યો હતો. કોલસા-ટુકડીમાં કામ કરતી પાર્વતી નામની એક સ્ત્રી તે ગામમાં ગંભીર પણે

બિમાર હતી. ત્રણ બાળકોની વિધવા માતા પાર્વતી, મોકામેહ ઘાટમાં મારી હેઠળ કામ કરવા આવનારી પ્રથમ સ્ત્રી હતી. પાર્વતી રવિવાર સાંજના અમારા મેળાવડાની જાન હતી કેમ કે અમારી ચુસ્ત ભારતીય નૈતિકતા પણ વિધવા હોવાને નાતે પાર્વતીને બધાની સાથે મજાક-મસ્તી કરવાની છૂટ આપતી.

જે છોકરો પાર્વતીની માંદગીના સમાચાર લાવ્યો હતો તેને એ તો ખબર હતી કે પાર્વતી મરણ પથારી પર હતી. પણ તે એ નહોતો જાણતો કે તેને શું માંદગી છે, તેથી હું મારી પાસેની થોડી દવા ભેગી કરી, રસ્તામાં ચમારીને સાથે લઇ પાર્વતીના ગામ તરફ ઝડપભેર ચાલી નીકળ્યો. અમે જઇને જોયું કે પાર્વતી તેની ઘરડી માના ખોળામાં માથું મૂકી પોતાની ઝૂંપડીમાં ભોંય પર સુતી હતી. મેં જોયેલો ધનુરનો આ પહેલો કિસ્સો હતો અને આશા રાખું કે તે છેલ્લો હોય. કોઇ નટીને શોભાવે એવા પાર્વતીના સુંદર દાંત એનું મોં ખોલી પાણી પિવડાવવા માટેના પ્રયત્નમાં તૂટી ગયા હતા. ભાનમાં હોવા છતાં એ બોલી નહોતી શકતી. એ જે યાતના ભોગવી રહી હતી તેનું વર્ણન કરવા મારી પાસે શબ્દો નથી. શ્વાસ લેવામાં તકલીફ ઓછી પડે એટલા સારુ એના ગળાના સ્નાયુનું હળવેથી માલિશ કરવા સિવાય એની બીજી કોઈ મદદ કરવા હું લાચાર હતો. હું માલિશ કરતો હતો તેટલામાં જાણે એને વિજળીનો ઝાટકો લાગ્યો હોય એવી ખેંચ આવી. દેવની દયાથી એના હૃદયે ધબકવાનું બંધ કર્યું અને એની યાતનાનો અંત આવ્યો. હું અને ચમારી પાછા જવા નીકળ્યા ત્યારે પાર્વતીની તે નાની ઝૂંપડીમાં એની અંતિમયાત્રાની તૈયારી શરૂ થઈ ચૂકી હતી. અમે બન્ને નિઃશબ્દ હતા. કેમ કે પાર્વતી માટેના અમારા સ્નેહમાં અમારી અને તે સવર્ણ સ્ત્રી વચ્ચે રહેલી અનેક રિવાજો અને પૂર્વગ્રહોની ખાઈ લેશમાત્રનો ફેર નહોતી પાડી શકી અને અમે જાણતા હતા કે તે આનંદી અને મહેનતુ સ્ત્રીની ખોટ અમને હંમેશા રહેવાની. એ દિવસે સાંજે મારે સમારીયા ઘાટ જવાનું હોવાથી મારે ચમારીને મળવાનું બન્યું ન હતું અને હવે તેની પત્ની સમાચાર લાવી હતી કે ચમારીને કોલેરાનો ચેપ લાગ્યો હતો. ભારતમાં અમે કોલેરાને ધિક્કારીએ છીએ અને એનાથી ડરીએ પણ છીએ. પરંતુ કદાચ પ્રારબ્ધવાદી હોવાના કારણે અમને બીજા રોગીથી ચેપ લાગવાનો બહુ ભય નથી લાગતો. તેથી મને ચમારીની પથારીની આસપાસ ટોળું વળીને બેઠેલા માણસો જોઈને નવાઇ ન લાગી. રૂમમાં અંધારું હતું પરંતુ મારા હાથમાં રહેલા ફાનસના અજવાળે ચમારીએ મને ઓળખી કાઢ્યો. ‘આપને આટલી મોડી રાત્રે બોલાવવા બદલ આ સ્ત્રીને માફ કરી દો.’ - તે સમયે રાતના બે વાગ્યા હતા - ‘મેં તેને ઘણી ના પાડી પણ તેણે મારી વાત ન માની.’ માત્ર દસ કલાક પહેલા મેં ચમારીને સાજો-સારો જોયો હતો. આટલા ટૂંકા સમયમાં ચમારીના દેખાવમાં આવેલો બદલાવ આઘાતજનક હતો. પાતળો, એકવડા બાંધાનો ચમારી જાણે પોતાનામાં જ સંકોચાઇને અરધા કદનો રહી ગયો હતો. તેની આંખો ઊંડી ઉતરી ગઈ હતી અને અવાજ ધીરો, ગણગણાટ સમો થઈ ગયો હતો. રૂમમાં અસહ્ય ગરમી હતી તેથી મેં ચમારીને પાતળી ચાદર ઓઢાડી અને તેનો ખાટલો બહાર, ફળિયામાં મુકાવ્યો. કોલેરાના દર્દીને આવી ખુલ્લી જગા પર રાખવો ઉચિત તો નહોતું પરંતુ મેં વિચાર્યું કે જે રૂમમાં શ્વાસ લેવા માટે હવા જ ન હતી તેના કરતા આ ખુલ્લી જગા સારી.

હું અને ચમારી કોલેરાના અનેક કેસમાં સાથે ઝઝૂમ્યા હતા. કોલેરા સામે લડવા માટે હિંમત અને મારા ઘરગથ્થુ ઉપચારમાં શ્રદ્ધાની કિંમત તે સારી પેઠે સમજતો હતો. તે આ ધૃણાસ્પદ રોગ સામે આશા ગુમાવ્યા વિના બહાદુરીપૂર્વક લડતો રહ્યો. આટલી ગરમીમાં પણ તેનું શરીર એટલું ઠંડુ રહેતુ કે તેને ગરમ રાખવા માટે તેના ખાટલાની નીચે કોલસાની સગડી રાખવી પડતી. હું તેના હાથની હથેળી અને પગના તળિયાં પર આદુના રસનું માલિશ સતત કરાવતો રહ્યો. જીવન અને મૃત્યુ વચ્ચેની આ લડાઇ અડતાલીસ કલાક, છેવટે તે બહાદુર માણસ બેશુદ્ધિમાં સરી ગયો ત્યાં સુધી ચાલતી રહી. હવે તેની નાડી ધીમી પડી ગઇ હતી અને શ્વાસોશ્વાસ મુશ્કેલીથી સાંભળી શકાતા હતા. મધરાતથી શરૂ કરી સવારના ચાર વાગ્યા સુધી ચમારીની હાલત આવી જ રહી અને હું સમજી ગયો કે ચમારી આ બીમારીમાંથી હવે બેઠો થઇ શકે તેમ નહોતો. મારી સાથે ચમારીની પથારીની પાસે બેઠલા અથવા તેને વીંટળાઈને ઊભેલા માણસોમાં એક જાતનો સોપો પડેલો હતો. એટલામાં અચાનક ચમારી પથારીમાં બેઠો થઈ ગયો. પોતાના સ્વાભાવિક પણ ઉતાવળા અવાજે બોલ્યો, 'મહારાજ, મહારાજ, ક્યાં છો તમે?' હું તેની પાસે. ઓશિકા બાજુ ઊભો હતો. મેં થોડા નમીને તેના ખભા પર હાથ મૂક્યો. મારો હાથ પોતાના બન્ને હાથમાં લઇ તે કહે, 'મહારાજ, પરમેશ્વર મને બોલાવી રહ્યા છે. મારે જવું પડશે.' પછી બે હાથ જોડી માથુ નમાવી બોલ્યો, 'પરમેશ્વર, હું આ આવ્યો.' મેં પથારીમાં પાછો સુવાડ્યો ત્યારે તેના પ્રાણ નીકળી ચૂક્યા હતા.

ચમારીના આખરી શબ્દો ત્યાં ભેગા થયેલા બધી જ્ઞાતિના લગભગ સો માણસોએ સાંભળ્યા. તેમાં કપાળે ચંદનના તિલકવાળો એક અજાણ્યો માણસ પણ હતો. મેં ચમારીના દેહને પથારી પર સુવાડ્યો કે તરત જ આ માણસે મારી પાસે આવી મરનાર કોણ હતો એમ પૂછ્યું. મારો ઉત્તર સાંભળી તેણે કહ્યું :

'જેને હું ઘણા સમયથી શોધી રહ્યો છું, તે આજે મને મળ્યો છે. હું કાશીના વિષ્ણુ મંદિરનો એક પૂજારી છું. આ માણસના સત્કર્મની ખ્યાતિ સાંભળી અમારા મુખ્ય પૂજારીએ મને તેને શોધી, મંદિરમાં લઇ આવવા મોકલ્યો છે, જેથી તેઓ તેના દર્શન કરી શકે. હવે મારે મુખ્ય પૂજારીને ચમારીના છેલ્લા શબ્દ સંભળાવી કહેવું પડશે કે તે હવે આ દુનિયામાં નથી.' આટલું કહી એ બ્રાહ્મણ પૂજારીએ પોતાનું પોટલું બાજુ પર મૂક્યું, પગરખાં ઉતાર્યા અને પથારી પાસે જઇ ત્યાં સુતેલા મૃત અછૂતને પ્રણામ કર્યા.

મોકામેહ ઘાટમાં ચમારીની અંતિમ યાત્રા જેવી અંતિમ યાત્રા ફરી ક્યારે પણ જોવા નહીં મળે. અનેક અન્યાયી પ્રતિકૂળતાઓ વડે ઘેરાયેલ એક મિત્ર-વિહીન માણસ વર્ષો પહેલા મોકામેહ ઘાટમાં આવ્યો હતો, અને હવે એ જ ઘાટના દરેક રહેવાસીનું સન્માન અને એમાના અનેકનો સ્નેહ પામીને વિદાય લઇ રહ્યો હતો. ઊંચી અને નીચી જાત, અમીર અને ગરીબ, હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી અને દલિત, સમાજના દરેક સ્તરના લોકો તેને શ્રદ્ધાંજલિ આપવા આવ્યાં હતાં. અમારી ખ્રિસ્તી માન્યતા અનુસાર ચમારી એક અસંસ્કારી વિધર્મી હતો વળી તે ભારતના અછૂતોમાં પણ સૌથી નીચા સ્તરમાંથી આવતો હતો; પરંતુ જ્યાં તે ગયો ત્યાં જવાનો હું અધિકારી બની શકું તો મારી જાતને ધન્ય માનીશ.

# ટાગોર - એક રાજકીય ચિંતન

- નિરંજન ભગત

રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ તા. ૭-૫-૧૮૬૧ના રોજ કલકત્તામાં થયો હતો. તેઓ કવિ, નવલકથાકાર, નાટ્યકાર, ચિત્રકાર અને ફિલોસોફર હતા. ટાગોરના સમગ્ર રાજકીય ચિંતનની આધારશિલા એમની વૈશ્વિક માનવતાવાદની હતી. દેશના સીમાડાઓ ઓળંગી તેમણે સમગ્ર વિશ્વમાં તેનો પ્રચાર-પ્રસાર કર્યો. ટાગોરની મનુષ્ય તરીકેની તટસ્થ ન્યાયબુદ્ધિ અને સર્જક કલાકાર તરીકેની ઉદારતા પ્રસ્તુત લેખમાં પ્રગટ થઈ છે. તેમના જન્મદિન નિમિત્તે પ્રસ્તુત લેખ વાચકોને ગમશે એવી આશા સહ.

- તંત્રી

ટાગોર એક રાજકીય ચિંતક તરીકે એમનાં ગદ્યલખાણો - નિબંધો, વ્યાખ્યાનો અને પત્રોમાં પ્રત્યક્ષપણે પ્રગટ થાય છે. ટાગોરે કુલ તેર નવલકથાઓ રચી છે. એમાંથી ત્રણ નવલકથાઓ - 'ગોરા', 'ઘરે-બાહિરે' અને 'ચાર અધ્યાય'માં પરોક્ષપણે આ ચિંતન પ્રગટ થાય છે. અહીં નોંધવું જોઈએ કે એમણે આ નવલકાથાઓ રચી તે પૂર્વે ૧૮૯૩ થી ૧૯૦૮ની વચ્ચેનાં પંદર વર્ષમાં જે પાંત્રીસ નિબંધો પ્રગટ કર્યા હતા, તેમાં તેઓ એક રાજકીય ચિંતક તરીકે પ્રત્યક્ષપણે પ્રગટ થયા હતા. એમના સમગ્ર સાહિત્યનું વાચન અને એમના સમગ્ર જીવન વિશે મનન કરવાથી પ્રતીત થાય છે કે તેઓ એક મુક્ત ચિંતક હતા. તેઓ જીવનભર મુક્ત વિચાર, વાણી અને વર્તનના પુરસ્કર્તા હતા. એમણે જીવનનાં સૌ ક્ષેત્રો - આર્થિક, રાજકીય, સામાજિક, સાહિત્યિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને આધ્યાત્મિક ક્ષેત્રો - વિશે જે કંઈ ચિંતન કર્યું છે તે નિઃસ્વાર્થ બુદ્ધિથી અને નિરાસક્ત ચિત્તથી કર્યું છે. એમના આ સમગ્ર ચિંતનનો સરવાળો એટલે એમનો વૈશ્વિક માનવતાવાદ.

ટાગોરના સમગ્ર રાજકીય ચિંતનની આધારશિલા છે આ એમનો વૈશ્વિક માનવતાવાદ. ટાગોર કવિ હતા; સર્જક હતા, પરિભૂ હતા. એમણે એકમાં અનેકનું દર્શન કર્યું હતું. સાથે સાથે તેઓ મનીષી હતા; ચિંતક હતા, સ્વયંભૂ હતા. એમણે અનેકમાં એકનું દર્શન કર્યું હતું. ટાગોરે પોતે આ એક અને અનેક વચ્ચેની પરસ્પર લીલા એ એમના સમગ્ર સાહિત્યસર્જનમાં એક વીર્યવંત વિષય (Seminal Subject) છે એવું વિધાન કર્યું હતું. એમની સર્જકતા અને સમગ્ર વિશ્વની સર્જકતા વચ્ચે સંવાદિતા છે એવી એમની દૃઢ પ્રતીતિ હતી. તેઓ 'નાના રવીન્દ્રનાથ' છે, એવું નહિ, અનેક રવીન્દ્રનાથ છે એવો એમણે પોતે ઉલ્લેખ કર્યો હતો.

ટાગોરનો આ વૈશ્વિક માનવતાવાદ એ માત્ર એક નવો પંથ કે સંપ્રદાય નહોતો, નવો રાજકીય વાદ કે વિચાર નહોતો. એ એક નવો ધર્મ હતો, બિનસાંપ્રદાયિક ધર્મ હતો. બૌદ્ધિક અને તાર્કિક ધર્મ હતો. સૌ વિદ્યમાન ધર્મોથી ભિન્ન એવો ધર્મ હતો, સૌ વિદ્યમાન ધર્મોના સરવાળા જેવો ધર્મ હતો. એનું બૌદ્ધ ધર્મ સાથે સૌથી વધુ સામ્ય છે. એમણે પોતે એને જે નામ આપ્યું છે તે પ્રમાણે એ 'માનવધર્મ' (religion of Man) હતો. એમની સર્જકતા સાથે એ અવિચ્છેદ્યપણે ઓતપ્રોત હતો એથી એને 'કવિનો ધર્મ' એવું નામ આપવું વધુ અર્થપૂર્ણ ગણાશે. ટાગોર કવિ હતા : સ્રષ્ટા હતા; એટલું જ નહિ, એ દ્રષ્ટા પણ હતા, ક્રાંતદ્રષ્ટા

હતા. એ ક્રાંતદ્રષ્ટા કવિ હતા. એથી એમનો વૈશ્વિક માનવતાવાદ એ આવતીકાલનો ધર્મ છે, ભવિષ્યનો ધર્મ છે.

ટાગોરનો વૈશ્વિક માનવતાવાદ એક મહાન કવિનું દર્શન છે, પણ હમણાં જ કહ્યું તેમ, ટાગોર કવિ અને મનીષી હતા, એથી એમને ઇતિહાસનું પણ મૌલિક અને માર્મિક દર્શન હતું. એથી વૈશ્વિક માનવતાવાદ એ - ઇતિહાસમાં, પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસમાં દૃઢમૂલ એવું દર્શન હતું. એથી વિશેષ તો એ એમના સર્જક વ્યક્તિત્વમાં દૃઢમૂલ એવું આ દર્શન હતું. એ એમના દીર્ઘજીવનમાં અને વિસ્તીર્ણ સાહિત્યમાં દૃઢમૂલ એવું દર્શન પણ હતું. એમનાં વિચાર, વાણી અને વર્તનમાં, એમના સૌ અનુભવોમાં અને એમની સૌ અનુભૂતિઓમાં જે વ્યાપી વળ્યું હતું એવું દર્શન હતું.

પ્રાચીન યુગમાં ભારતમાં ઋષિઓએ એમનાં ઉપનિષદોમાં એમનું ઐક્યનું દર્શન-મનુષ્ય-મનુષ્ય વચ્ચેના ઐક્યનું, મનુષ્ય અને પરમેશ્વર વચ્ચેના ઐક્યનું દર્શન પ્રગટ કર્યું હતું. એમણે કહ્યું હતું, 'જે સતત સર્વમાં સ્વને અને સ્વમાં સર્વને જુએ તે કોઈનો તિરસ્કાર કરતો નથી.' આ દર્શનમાં વૈશ્વિકતા છે. આ દર્શન સર્વ સ્થળ-કાળમાં સત્ય છે. આ દર્શનમાં ટાગોરના વૈશ્વિક માનવતાવાદની પ્રથમ અને પરમ પ્રેરણા છે. કોઈપણ અન્ય પ્રેરણાથી વધુ પ્રબળ અને પ્રગાઢ એવી પ્રેરણા છે. ટાગોરે આયુષ્યના અંતે ઉપનિષદોનું સ્મરણ કર્યું હતું. વાચન, મનન, ચિંતન કર્યું હતું.

ઈ.પૂ. છઠ્ઠી સદીના આરંભે બુદ્ધે આ દર્શન આત્મસાત્ કર્યું હતું અને એમનાં જીવન અને કાર્યમાં મૂર્તિમંત કર્યું હતું. એમણે એમના જીવમાત્ર પ્રત્યે પ્રેમ અને કરુણાના નવા ધર્મમાં એને અપનાવ્યું હતું. એમનો ધર્મ સૌ જાતિઓ અને ધર્મોને અતિક્રમી ગયો હતો. સૌ પ્રકારના ભેદભાવ - જાતિભેદ અને લિંગભેદથી પર હતા. એમનો ધર્મ બૌદ્ધિક અને તાર્કિક ધર્મ હતો. બૌદ્ધી જાતકકથાઓમાં જેની પ્રેરણા છે એવાં ટાગોરનાં કેટલાંક કાવ્યો અને નાટકોમાં બુદ્ધનો અવાજ સંભળાય છે.

મધ્યકાલીન યુગમાં ૧૪મી સદી પૂર્વે ભારતમાં ઇસ્લામનો પ્રવેશ થયો હતો. આ સ્ફૂર્તિલા ધર્મમાં એકેશ્વરવાદ, મૂર્તિખંડન, મનુષ્ય મનુષ્ય વચ્ચે સમત્વ આદિનો ભારતના ધાર્મિક-આધ્યાત્મિક વાતાવરણ પર પ્રભાવ હતો. પછી ભારતમાં ચારે દિશામાં સંત-કવિઓએ એમનાં પદોમાં અને એમની જીવનચર્યામાં, ઉપનિષદોમાં મનુષ્યના ઐક્યનું જે દર્શન હતું એનું પુનરુચ્ચારણ કર્યું હતું અને ભાગવતમાં વ્યક્તિગત ઈશ્વરની ભક્તિની જે પરંપરા હતી એનું પુનરુત્થાન કર્યું હતું. આ પરંપરામાં ટાગોરે એમની 'ભાનુસિંહેર પદાવલિ' રચી હતી અને કબીરનાં સો પદોનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો હતો.

ભારતમાં અંગ્રેજોના આગમન પછી ૧૯મી સદીમાં જીવનનાં સૌ મહત્ત્વનાં ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તન થયું હતું. ભારતના ઇતિહાસમાં આ નવજાગૃતિનો યુગ હતો. રાજા રામમોહન રાય એના પિતા હતા. તેઓ વિશાળ હૃદય અને વિચક્ષણ બુદ્ધિના મનુષ્ય હતા. એમની પ્રતિભા જીવનનાં સૌ મહત્ત્વનાં ક્ષેત્રોમાં પ્રવૃત્ત હતી. એ માત્ર સુધારક નહોતા, એ ક્રાંતિકારી હતા. ક્રાન્તદ્રષ્ટા હતા ઉપનિષદોમાં એમના નવા ધર્મની, બ્રાહ્મોધર્મની પ્રેરણા હતી. એકેશ્વરવાદ અને મૂર્તિખંડન એમનાં ધર્મનાં મૂળભૂત તત્ત્વો હતાં. એમણે એમના સમયના હિન્દુ ધર્મમાં જે એકેશ્વરવાદ હતો, કર્મકાંડ શાસ્ત્રાજ્ઞા આદિની રૂઢિચુસ્તતા હતી એનો પ્રબળ પ્રતિકાર કર્યો હતો. એમને એક વૈશ્વિક ધર્મનું દર્શન હતું એ જગતના સૌ મહાન ધર્મો - હિન્દુ, મુસ્લિમ અને ખ્રિસ્તી ધર્મો - ના તથા પૂર્વ અને

પશ્ચિમની સંસ્કૃતિઓના સમન્વયનું દર્શન હતું. એમણે આ માનવતાવાદના નવા ધર્મના અને નવાં દર્શનના પ્રચાર અને પ્રસાર માટે ૧૮૨૮માં બ્રહ્મોસભાની સ્થાપના કરી હતી. તેઓ ટાગોર માટે એક આદર્શમૂર્તિરૂપ હતા.

ટાગોરના પિતા દેવેન્દ્રનાથ, રામમોહન રાયના આધ્યાત્મિક વારસ હતા. તેઓ ઉપનિષદોના ઉપાસક હતા. જીવનભર એમણે ઉપનિષદોનું અનુસરણ કર્યું હતું. રામમોહન રાયનું અધૂરું કાર્ય પૂરું કરવા અને સમાજમાં એને પ્રચલિત અને પ્રતિષ્ઠિત કરવા માટે એમણે ૧૮૪૩માં બ્રહ્મોસમાજની સ્થાપના કરી હતી. એમના નેતૃત્વમાં બ્રહ્મોઆંદોલન ગતિશીલ થયું હતું. ટાગોર આ આંદોલનમાં પ્રત્યક્ષપણે સક્રિય નહોતા. બે પ્રસંગો એમાં અપવાદરૂપ હતા. તેઓ થોડાક સમય માટે બ્રહ્મોસમાજના મંત્રીપદે નિયુક્ત થયા હતા. એટલે થોડાક સમય માટે બંકિમચંદ્ર સાથે બંકિમચંદ્રના હિન્દુત્વ વિશે જાહેરમાં વિવાદ કર્યો હતો.

ટાગોરના વૈશ્વિક માનવતાવાદની પ્રેરણા નિકટના ભૂતકાળમાં ભલે હોય. રામમોહન રાયના માનવતાવાદમાં ભલે હોય, પણ એની આદિ પ્રેરણા તો ત્રણ હજાર વર્ષ પૂર્વેનાં ઉપનિષદોમાં હતી. આરંભનાં થોડાંક વર્ષો પછી તેઓ રામમોહન રાયના માનવતાવાદમાંથી વિચલિત થયા હતા. બ્રહ્મ એમને અમૂર્ત અને અનાત્મીય લાગ્યું હતું. પછી જીવનભર એમણે જીવનદેવતા, એમનો પાન્થઝનેર સખા એ જ એમનો ઈશ્વર હતો.

ટાગોરનો વૈશ્વિક માનવતાવાદ એટલે મનુષ્ય મનુષ્ય વચ્ચેનું ઐક્ય, એક જ સમાજમાં બે ભિન્ન ભિન્ન પક્ષના મનુષ્યો વચ્ચેનું ઐક્ય, બે ભિન્ન ભિન્ન સમાજોના ભિન્ન ભિન્ન મનુષ્યો વચ્ચેનું ઐક્ય. વ્યષ્ટિ અને સમષ્ટિનું મૂલ્યાંકન કરવા માટે જેમ 'The Divine Comedy' માં પરમેશ્વર ડેન્ટિનો માનદંડ છે તેમ આ વૈશ્વિક માનવતાવાદ એ ટાગોરનો માનદંડ છે.

૧૯૧૩માં ટાગોરને નોબેલ પારિતોષિક અર્પણ કરવામાં આવ્યું હતું. પછી તરત જ ૧૯૧૬માં, ૧૯૧૪-૧૯૧૮ના પ્રથમ વિશ્વયુદ્ધની બરોબર વચ્ચેના વર્ષમાં એમણે જાપાન અને અમેરિકામાં 'Nationalism' વિશે ત્રણ વ્યાખ્યાનો કર્યાં હતાં. પછી ૧૯૧૬ થી ૧૯૩૨ દરમિયાન સોળ વર્ષમાં એમણે એશિયા અને યુરોપના અનેક દેશોમાં અને અમેરિકામાં કુલ તેર પ્રવાસો કર્યા હતા. એ પ્રવાસો દરમિયાન એમણે એ દેશોની પ્રજાઓ સમક્ષ અનેક વ્યાખ્યાનો કર્યાં હતાં. ૧૯૩૨ પછીનાં વર્ષોમાં તથા દ્વિતીય વિશ્વયુદ્ધના આરંભનાં વર્ષોમાં એશિયા અને યુરોપનાં રાષ્ટ્રોએ એમના સિમિત રાષ્ટ્રવાદ અને સંકુચિત રાષ્ટ્રપ્રેમ તેમજ સામ્રાજ્યવાદને કારણે એશિયા અને આફ્રિકાની પ્રજાઓના જીવનમાં જે ભયાનક કરુણતા સર્જી હતી એ વિશે કાવ્યો રચ્યાં હતાં, 'પ્રાંતિક'માં જે બે કાવ્યો છે એમાં તો એમણે એમનો પયગંબરી આવેશ અને અગ્નિની જ્વાળાઓ સમો રોષ પ્રગટ કર્યો હતો, કહો કે શાપ જ ઉચ્ચાર્યો હતો. એમણે ૧૯૧૬માં 'Nationalism' નાં ત્રણ વ્યાખ્યાનોથી જે આરંભ કર્યો હતો એનો અને અંત પરાકાષ્ઠા રૂપ એમના જ અંતિમ જન્મદિને એમણે જે વ્યાખ્યાન 'સભ્યતાર સંકટ' લખ્યું હતું એમાં છે. આમ, ૧૯૧૬થી ૧૯૪૧ દરમિયાનનાં પચીસ વર્ષમાં એમના વૈશ્વિક માનવતાવાદને વાસ્તવમાં, વ્યવહારમાં વૈશ્વિકતાનું પરિણામ પ્રાપ્ત થયું હતું.

૧૮૫૭ના વિપ્લવ પછી કંપની સરકાર એટલે કે ઈસ્ટ ઈન્ડિયા કંપની પાસેથી અંગ્રેજ સરકારે સત્તા હસ્તગત કરી હતી અને ભારતમાં અંગ્રેજી શાસનનો આરંભ થયો હતો. તરત જ પ્રથમ તો ૧૮૫૮માં કલકત્તા, મુંબઈ અને મદ્રાસમાં યુનિવર્સિટીઓની સ્થાપના કરવામાં આવી હતી. એમાં બંગાળના શહેરી મધ્યમવર્ગના તેજસ્વી,

સંવેદનશીલ, કલ્પનાશીલ યુવાનોએ ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. પરિણામે તેઓ પૂર્વ અને પશ્ચિમની પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિઓ તથા એમના ગુણદોષો વિશે સજાગ અને સભાન થયા હતા. આ યુવાનોના એક વર્ગે સામાજિક સંદર્ભમાં પશ્ચિમની સંસ્કૃતિનો સ્વીકાર કર્યો હતો, એનું અંધ અનુકરણ કર્યું હતું. એમાંથી બાબુલોકનો, ભદ્રલોકનો એક વર્ગ અસ્તિત્વમાં આવ્યો હતો. એક વર્ગે રાજકીય સંદર્ભમાં પશ્ચિમની સંસ્કૃતિનો સ્વીકાર કર્યો હતો. એમાંથી સમન્વયવાદીઓનો, સમાધાનવાદીઓનો એક વર્ગ અસ્તિત્વમાં આવ્યો હતો. તો અન્ય એક વર્ગે એનો અસ્વીકાર કર્યો હતો. એમાંથી વિપ્લવવાદીઓનો, આંતકવાદીઓનો એક વર્ગે ધાર્મિક સંદર્ભમાં પશ્ચિમની સંસ્કૃતિનો પુરસ્કાર કર્યો હતો. એમાંથી પ્રગતિવાદીઓનો, બ્રહ્મોસમાજનો એક વર્ગ અસ્તિત્વમાં આવ્યો હતો. તો અન્ય એક વર્ગે એનો તિરસ્કાર કર્યો હતો. એમાંથી રૂઢિવાદીઓનો, હિન્દુસમાજનો એક વર્ગ અસ્તિત્વમાં આવ્યો હતો. આ બંને વર્ગો વચ્ચે સર્વોપરિતા અને સર્વોચ્ચતા માટે સંઘર્ષ થયો હતો. ટાગોરે ભારતના ઇતિહાસની આ પશ્ચાત્‌ભૂમિકામાંથી ૧૯મી સદીના ઉત્તરાર્ધના આ રાજકીય અને ધાર્મિક સંઘર્ષના સંદર્ભમાં 'ગોરા' નવલકથા રચી છે.

ટાગોર એક મહાન રાષ્ટ્રપ્રેમી હતા, મહાન રાષ્ટ્રવાદી હતા. ટાગોર બ્રહ્મવાદી હતા. બ્રહ્મોસમાજના સભ્ય હતા. એમનો રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રવાદ અસ્તિવાચક હતો, અભિગામી હતો. એમાં પ્રસ્તરણ હતું. રૂઢિવાદીઓનો, હિન્દુસમાજના સત્યોનો રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રવાદ નાસ્તિવાચક હતો, અપગામી હતો, એમાં સંકોચન હતું. એમનો સિમિત રાષ્ટ્રવાદ હતો. સંકુચિત રાષ્ટ્રપ્રેમ હતો.

ટાગોર માટે એમના વૈશ્વિક માનવતાવાદને કારણે પક્ષાપક્ષીના કોઈપણ આંદોલનમાં, સિમિત રાષ્ટ્રવાદ અને સંકુચિત રાષ્ટ્રપ્રેમના રાજકારણમાં સક્રિય થવું અશક્ય હતું. એમના જન્મસમયે બ્રહ્મોઆંદોલનની પરાકાષ્ઠા હતી, એમની યુવાન વયના સમયે લગભગ એનો અંત આવ્યો હતો. ટાગોર એ આંદોલનમાં પ્રત્યક્ષપણે સક્રિય નહોતા. એ માત્ર એના નિકટના સાથી હતા. એમણે બ્રહ્મોસમાજ અને હિન્દુસમાજ વચ્ચેના સંઘર્ષનું, એક જ ધર્મના બે પક્ષો વચ્ચેના સંઘર્ષનું માત્ર નિરીક્ષણ, પરીક્ષણ કર્યું હતું. એમાં એમને બંને પક્ષોના ગુણદોષનું દર્શન થયું હતું. આ સંઘર્ષ વિશે એમણે જે કંઈ જોયું, જાણ્યું એનું, એ અંગેના એમના સમગ્ર અનુભવનું લગભગ ત્રણ દાયકા પછી ૧૯૦૭-૧૯૦૯માં 'ગોરા' નવલકથામાં આલેખન કર્યું હતું. એમાં એમણે મુક્તમને, ભયશૂન્ય ચિત્તે બંને પક્ષની નિંદા અને સ્તુતિ કરી છે. ટાગોરે 'ગોરા' નવલકથા એક મહાન કલાકારના દશાંગુલ ઊર્ધ્વ એવા તાટસ્થ્યથી રચી છે.

'ગોરા' નવલકથાનો નાયક ગૌરમોહન એક કટ્ટર કોમવાદી હિન્દુ છે. માત્ર હિન્દુ ધર્મ જ શુદ્ધ અને પવિત્ર છે. બ્રહ્મો ધર્મ પર વિદેશી ધર્મનો, ખ્રિસ્તી ધર્મનો પ્રભાવ છે એથી બ્રહ્મો ધર્મ સુદ્ધાં અન્ય સૌ ધર્મો મ્લેચ્છો અને યવનોના, બર્બરોના ભ્રષ્ટ અને મલિન ધર્મો છે એવી એની પૂર્ણ પ્રતીતિ છે. હિન્દુ ધર્મ વિશે એનામાં ભાવોભાવ જુસ્સો અને ઝનૂન છે. એથી 'ગોરા' નો વિષય છે હિન્દુ રાષ્ટ્રવાદ.

ટાગોરે 'ગોરા' ૧૯૦૭થી ૧૯૦૯નાં બે વર્ષ દરમિયાન 'પ્રવાસી' સામયિકમાં ક્રમશઃ પ્રગટ કરી હતી અને ૧૯૧૦માં એનું પ્રકાશન કર્યું હતું. એમાં ૭૬ ખંડો અને અંતે એક પરિશિષ્ટ છે. 'ગોરા'માં સ્થળ છે કલકત્તા અને ગોરાના ભારતપ્રવાસ દરમિયાન વચમાં થોડાક સમય માટે ભારતનો ગ્રામપ્રદેશ. 'ગોરા'માં સમય છે ૧૮૮૦ની આસપાસનાં વર્ષો. નવલકથામાં

આરંભે અને અંતે ઉલ્લેખ થયો છે તેમ ૧૮૫૭માં ગોરાનો જન્મ થયો છે. નવલકથામાં આરંભમાં ગોરાનું પચીસેક વર્ષની વય છે. ગોરા ટાગોરથી વયમાં ૪ વર્ષ મોટો છે. ટાગોરે 'ગોરા' હિન્દુ-બ્રહ્મો સંઘર્ષના ત્રણ દાયકા પછી રચી છે. 'ગોરા'માં છ મુખ્ય પાત્રો છે : ત્રણ પુરુષપાત્રો - ગોરા, વિનય અને પરેશબાબુ તથા ત્રણ સ્ત્રીપાત્રો - સુચરિતા, લલિતા અને આનંદમયી છે. ઉપરાંત હિન્દુસમાજ અને બ્રહ્મોસમાજનાં અનેક ગૌણ પાત્રો છે. વળી, કેટલાંક ભદ્રલોકનાં બાબુઓનાં પાત્રો પણ છે.

ટાગોર બ્રાહ્મો હતા છતાં 'ગોરા'માં એક કટ્ટર કોમવાદી હિન્દુને, હિન્દુસમાજના એક સર્વોચ્ચ નેતાને એની અસાધારણ આત્મનિષ્ઠાને કારણે માન અને આદરના ઉચ્ચ આસને પ્રતિષ્ઠિત કર્યો છે. કોઈપણ પક્ષપાત કે પૂર્વગ્રહ વિના એમણે ગોરાનું પાત્રાલેખન, ચરિત્રચિત્રણ કર્યું છે. એમાં ટાગોરની મનુષ્ય તરીકેની તટસ્થ ન્યાયબુદ્ધિ અને સર્જક કલાકાર તરીકેની ઉદારતા અને ઉદાત્તતા પ્રગટ થાય છે.

નવલકથાના પૂર્વાર્ધમાં કોઈ કાર્ય (action) થતું નથી. માત્ર અનેક પાત્રો વચ્ચે - સવિશેષ તો ગોરા અને વિનય વચ્ચે - હિન્દુસમાજ અને બ્રહ્મસમાજ વિશે અવિરત અને અસ્ખલિત સંવાદો-વાદવિવાદો જ થાય છે. એ દ્વારા ગોરાનું સુરેખ અને સંપૂર્ણ વ્યક્તિત્વ પ્રગટ થાય છે. વાદવિવાદમાં ગોરાની સાથે કોઈ પણ પાત્ર સ્પર્ધા કરી શકે એમ નથી અને જો કરે તો એનો પરાજય જ થાય. એટલે એણે તીક્ષ્ણ અને તેજસ્વી બુદ્ધિનો વાગ્મિતાપ્રિય મનુષ્ય છે એની અનુપસ્થિતિમાં પણ એની ઉપસ્થિતિ અનુભવાય છે. એવો એ સર્વવ્યાપી અને સર્વશક્તિમાન મનુષ્ય છે. એનામાં એક પ્રખર મૂલ્યનિષ્ઠ બુદ્ધિજીવીની બૌદ્ધિક પ્રામાણિકતા છે. એનું એક કેન્દ્ર એવું સંપૂર્ણ સુશ્લિષ્ટ વ્યક્તિત્વ છે. એમાં કોઈ છિદ્ર કે ક્ષતિ નથી, કોઈ ક્ષુલ્લકતા કે ક્ષુદ્રતા નથી. એની માન્યતાઓ અને શ્રદ્ધાઓ, એના મતો અને મૂલ્યો પ્રત્યે એને અપાર માન-આદર છે. એ હિન્દુ છે, બ્રાહ્મણ છે એનું એને ગૌરવ છે, એટલું જ નહિ, પણ સમગ્ર ભારતમાં એ સર્વશ્રેષ્ઠ હિન્દુ છે એનો એને ગર્વ છે. હિન્દુ ધર્મ વિશે એનું અગાઉ અને અપ્રતિમ જ્ઞાન છે. હિન્દુ ધર્મ પ્રત્યે એની અસલ અને અનન્ય નિષ્ઠા છે, એવી નિષ્ઠા છે કે એ નિષ્ઠાની ખાતર એ સુચરિતા અને એના પ્રેમનો, વિનય માટે એની મૈત્રીનો ત્યાગ કરવા તત્પર છે. આ નિષ્ઠા જેવી જ એની અડગ અને અવિચલ આત્મનિષ્ઠા છે. આમ, એનું જ્વલંત અને જાજરમાન, સભર અને સમૃદ્ધ એવું અસાધારણ વ્યક્તિત્વ છે.

હવે નવલકથાના ઉત્તરાર્ધમાં નવલકથાના અંતનો આરંભ થાય છે. એક મહાન વજ્રપાત સમો વિપર્યય થાય છે, એક મોટો વળાંક – U-turn – આવે છે. ગાંધીજીની જેમ ગોરા ભારતવર્ષનો પ્રત્યક્ષ પરિચય કરવા, અંગત અનુભવ કરવા, ભારતદર્શન કરવા, ભારતના ગ્રામપ્રદેશોના પ્રવાસે જાય છે, આજ લગી આ નગરવાસીએ કલકત્તાના એક ખૂણામાં રહ્યાં રહ્યાં એનાં સ્વપ્નોનું, એની કલ્પનાઓનું એક ભારતવર્ષ રચ્યું હતું. હવે આ પ્રવાસ એ વાસ્તવમાં ભારતવર્ષની એની ખોજ છે. ટાગોરની જેમ ગોરા હવે આ પ્રવાસ દરમિયાન ભારતના ગ્રામપ્રદેશો અને ગ્રામજનોના તથા એમના જીવનના નિકટના ગાઢ સંપર્કમાં આવે છે. એમાં એને એનાં સ્વપ્નોના, એની કલ્પનાઓના ભારતવર્ષનો ક્યાંય પરિચય થતો નથી. એ ભારતવર્ષ ક્યાંય અસ્તિત્વમાં નથી એવો અનુભવ થાય છે. ઊલટાનું સર્વત્ર એને હિન્દુ ધર્મની માન્યતાઓ અને શ્રદ્ધાઓએ, હિન્દુ ધર્મના મતો અને મૂલ્યોએ, કઠોર ક્રિયાકાંડો અને

શાસ્ત્રોએ, એની સંકુચિત અને સ્વાર્થી વર્ણવ્યવસ્થાએ, એના રૂઢિચુસ્ત આદેશો, નિષેધો અને ઉપદેશોએ આ ગ્રામજનોના જીવનમાં જે દુર્બળતા અને દરિદ્રતા, જે કૃપણતા અને કરુણતા સર્જી છે એનું દર્શન થાય છે. ભારતનો સમગ્ર ગ્રામસમાજ નિર્માલ્ય અને નિર્જીવ છે. દોષો અને દૂષણોથી, અજ્ઞાન અને અનારોગ્યથી ગ્રસ્ત અને ત્રસ્ત છે એવું દર્શન થાય છે. એમાં ગોરા જાણે કે કોઈ પરાયો પરદેશી છે એવો અનુભવ થાય છે. એથી આ નગરવાસી બુદ્ધિજીવીનો, હિન્દુ ધર્મના નેતાનો આ ગ્રામજનો તિરસ્કાર કરે છે.

ગોરાને હવે એવું આજ લગીનું જીવન મિથ્યાનું અસત્યનું જીવન હતું એવી પ્રતીતિ થાય છે. એથી હવે હિન્દુ ધર્મ વિશે એનામાં શંકાઓ અને સંશયો છે. હિન્દુ ધર્મ એને માટે એક મોટો પ્રશ્નાર્થ છે. આ નિરાશા અને નિર્ભ્રાંતિ સાથે એ કલકત્તા પાછો આવે છે. હવે જાણે કે એણે કોઈ અપરાધ કર્યો હોય, આત્મદ્રોહ કર્યો હોય, પાપ કર્યું હોય એવો પશ્ચાતાપ થાય છે. કલકત્તા આવીને એ તરત જ પ્રાયશ્ચિત રૂપે ગ્રામોદ્ધારના કાર્યક્રમમાં પ્રવૃત્ત થાય છે. ગ્રામસમાજની કરુણતા દૂર કરવાના, એના દોષો અને દૂષણોનું નિવારણ કરવાના ઉપાયો અને ઉપચારોના કાર્યક્રમમાં સક્રિય થાય છે. એ આત્મશુદ્ધિ માટે પ્રયશ્ચિત કરવામાં તત્પર થાય છે. આ પ્રાયશ્ચિત્તની વિધિનો મહોત્સવ યોજવામાં આવે છે, પણ એનું હૃદય એ મહોત્સવમાં નથી.

બાહ્યજગતમાં આ નિરાશા અને નિર્ભ્રાંતિની પરાકાષ્ઠાની ક્ષણે નવલકથામાં અંતે એના આંતરજીવનમાં વિધાતાનો ભીષણ વજ્રપાત થાય છે. એના અસ્તિત્વના મૂલાધાર પર, એના જન્મજાત અધિકાર પર આઘાત થાય છે. હિન્દુ ધર્મ વિશે એનામાં શંકાઓ અને સંદેહો છે, હિન્દુ ધર્મ એને માટે એક મોટો પ્રશ્નાર્થ છે. છતાં એના બંધનમાંથી સ્વેચ્છાએ તો એ પોતાને મુક્ત કરી શકે એમ હતું જ નહિ, એકમાત્ર વિધાતા જ એને મુક્ત કરી શકે એમ છે. એથી આ વજ્રપાત આવશ્યક જ નહિ, અનિવાર્ય હતો. આ વજ્રપાત પછી એ પરેશબાબુને કહે છે, 'હું કાલે રાતે વિધાતાને પ્રાર્થના કરતો હતો કે આજે સવારે મને નવું જીવન મળે, પણ મેં ધાર્યું હતું એના કરતાં જુદી જ રીતે ઈશ્વરે મારી પ્રાર્થના સાંભળી. ઈશ્વરે પોતાનું સત્ય ઓચિંતાનું, એકદમ મારા હાથમાં આણી દઈ મને ચમકાવી દીધો. તે આમ કરીને મારી અપવિત્રતાને એકદમ મૂળમાંથી જ ભૂંસી નાંખશે એવું તો મેં સ્વપ્નેય નહોતું ધાર્યું.' આમ, આ વજ્રપાત એની પ્રાર્થનાનો જ પ્રત્યુત્તર છે. આ વજ્રપાત પછી સાચ્ચે જ એનો નવજન્મ થાય છે. એણે સ્વપ્નેય ધાર્યું નહોતું એવો નવજન્મ થાય છે. એમાં વિધાતાની વક્રતા છે, એમાં ઈશ્વરનો અનુગ્રહ પણ છે. આ વજ્રપાત એટલે એના જન્મનું રહસ્યોદ્‌ઘાટન. એ હિન્દુ નથી આઈરિશ છે, ખ્રિસ્તી છે. એ એના જન્મનું રહસ્યોદ્‌ઘાટન છે. આ રહસ્યોદ્‌ઘાટન પછી એનું સમગ્ર જીવન મિથ્યાનું, અસત્યનું જીવન હતું એ સત્યનું દર્શન થાય છે. આ રહસ્યોદ્‌ઘાટન પછી એના ભાગ્યનો વિપર્યય થાય છે.

નવલકથાને અંતે કૃષ્ણદયાલ મૃત્યુશય્યા પર છે. એમનું મૃત્યુ થાય તો શ્રાદ્ધ કોણ કરશે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. નવલકથાના આરંભે જ ઉલ્લેખ થયો છે તે પ્રમાણે કૃષ્ણદયાલ અને આનંદમયીને ગોરાના જન્મની ક્ષણથી જ એના જન્મના રહસ્યની જાણ છે પણ જો ગોરાને એની જાણ થાય તો ગોરા એમના જીવનમાંથી હંમેશને માટે ચાલ્યો જાય એ ભયથી એમણે વરસો લગી ગોરા સમક્ષ એ રહસ્ય પ્રગટ કર્યું નહોતું, પણ હવે વિધાતાએ એવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે કે ગોરાને એની જાણ કર્યા વિના કોઈ વિકલ્પ નથી. ગોરા જો શ્રાદ્ધ કરે તો પોતાની અવગતિ થાય એ ચિંતાથી શ્રાદ્ધના પ્રશ્નની ચર્ચા થાય તે પૂર્વે જ કૃષ્ણદયાલ

ગોરાને કહે છે, 'મારા મરણ પછી મારું શ્રાદ્ધ કરવાનો તને અધિકાર નથી.' ગોરા આનંદમયીને પૂછે છે, 'શ્રાદ્ધ કરવાનો શું મને અધિકાર નથી?' ત્યારે આનંદમયી એટલું જ કહે છે, 'ના, નથી.' ગોરા પૂછે છે, 'હું એમનો દીકરો નથી?' ત્યારે પણ આનંદમયી એટલું જ કહે છે. 'ના, નથી.' ગોરા પૂછે છે, 'હું એમનો દિકરો નથી?' ત્યારે આનંદમયી એટલું જ કહે છે, 'ના' પછી તરત ગોરા આનંદમયીને પણ પૂછે છે, 'તું મારી મા નથી?' ત્યારે આનંદમયી કહે છે, 'હું પુત્રહીનાનો તું પુત્ર છે.' અંતે ગોરા કૃષ્ણદયાલને પૂછે છે, 'તો હું તમને ક્યાંથી મળ્યો?' હવે કોઈ વિકલ્પ નથી એથી કૃષ્ણદયાલ ગોરાની સમક્ષ એના જન્મનું રહસ્યોદ્‌ઘાટન કરે છે અને ગોરાને કહે છે, 'તે વખતે વિપ્લવ થયો હતો. અમે ઇટાવામાં હતાં. તારી મા સિપાઈઓની બીકથી ભાગી આવી અમારી ઘરમાં ભરાઈ ગઈ હતી. તારા બાપા તેના આગલા દિવસે લડાઈમાં માર્યા ગયા હતા. તેઓ આઈરિશમૅન હતા. તે જ રાતે તારી માતા તને જન્મ આપીને મરી ગઈ! પછી તું અમારા ઘરમાં ઉછરીને મોટો થયો છે.'

આ રહસ્યોદ્‌ઘાટન પ્રત્યે ગોરાનો પ્રથમ પ્રતિભાવ નાસ્તિકવાચક છે. ''મારે મા નથી, બાપ નથી, દેશ નથી, જાતિ નથી, નામ નથી, ગોત્ર નથી, દેવતા નથી, મારું બધું જ કેવળ એક 'ના' છે. હું શાને વળગી રહું? શું કરું? ફરી ક્યાંથી શરૂ કરું?'' જાણે એના પગ નીચે પૃથ્વી છે જ નહિ. એની ચોમેર કેવળ શૂન્યતા જ છે, પણ પછી અગાઉ ઉલ્લેખ કર્યો છે તે કારણે એનો બીજો પ્રતિભાવ અસ્તિવાચક છે, હવે એ પૂર્વે જે હિન્દુ હતો તે હિન્દુ નથી. હવે એ સાચો હિન્દુ છે, એ ભારતવર્ષીય છે. એ સાચા ભારતવર્ષનો પુત્ર છે. હવે એ મુક્ત મનુષ્ય છે. મુક્તિ એ જેવીતેવી સમાધિ નથી, એ મુક્તિનો આનંદ એ સચ્ચિદાનંદનો આનંદ છે. એ પરેશબાબુને કહે છે, 'હવે મને કોઈ બંધન નથી... હું હિન્દુ નથી... આજે મુક્ત છું.. હવે મને પતિત થવાનો, ભ્રષ્ટ થવાનો ડર નથી.. હું એકદમ મુક્ત બની ઓચિંતાનો એક મહાન સત્યની અંદર આવી પડ્યો છું, રાત-દિવસ હું જે થવાને મથતો હતો પણ થઈ શકતો નહોતો તે આજે થઈ ગયો છું. આજે હું ભારતવર્ષીય છું.. મારા મનમાં આજે હિન્દુ-મુસલમાન કે ખ્રિસ્તી એવો કોઈ સમાજ નથી... આજે આ ભારતવર્ષની બધી જાતિઓ મારી જાતિઓ છે. આજે તમે મને એ દેવતાનો મંતર આપો, જે હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી ને બ્રહ્મ સૌનો દેવતા છે અને જેનાં મંદિરનાં બારણાં કોઈપણ જાતિને માટે, કોઈપણ વ્યક્તિને માટે કદી પણ બંધ રહેતાં નથી, જે એકલાં હિન્દુના નહિ પણ આખા ભારતવર્ષના દેવતા છે' પછી એ આનંદમયીને કહે છે, 'જે માને હું બહાર ઢૂંઢતો હતો તે તો મારા ઘરમાં જ આવીને બેઠેલી હતી. તને નાત નથી, જાત નથી, ઊંચનીચના વિચાર નથી, ઘૃણા નથી. તું કેવળ કલ્યાણની પ્રતિમા છે. તું જ મારો ભારતવર્ષ છે.'

ગોરાના ઉદ્‌ગારોમાં એક આદર્શ ભારતવર્ષીયનો અવાજ, ટાગોરનો અવાજ સંભળાય છે. એ દ્વારા એક આદર્શ ભારતવર્ષીયની, ટાગોરની મૂર્તિ પ્રત્યક્ષ થાય છે. ટાગોરનું ભારતવર્ષ કોઈ એક વર્ગ, જાતિ કે ધર્મનું, કોઈ એક સંસ્કૃતિનું ભારતવર્ષ નથી. એ સૌ વર્ગો, જાતિઓ કે ધર્મોનું, સૌ સંસ્કૃતિઓનું ભારતવર્ષ છે. ગોરાને જે સત્યનું દર્શન નવલકથાને અંતે થાય છે તે આનંદમયીને નવલકથાના સમયના પચીસેક વર્ષ પૂર્વેના સમયે થયું હતું. એમણે ગોરાને, એક આઈરિશ માતાપિતાના સંતાનને પોતાના ખોળામાં ધારણ કરીને, અને એ વિશે પચીસેક વર્ષ મૌન ધારણ કરીને સગા સંતાનની જેમ એનું લાલનપાલન કર્યું હતું તે દિવસથી જ થયું

(અનુસંધાન પૃષ્ઠ ૩૯ ઉપર)

# સ્વસ્થ, સુરક્ષિત ભાવિ સમાજના નિર્માણ માટે કેળવણીમાં શિસ્તનું અનિવાર્ય...

- ડી. એચ. અમીન

આજના સમયમાં શિક્ષણ અને વિદ્યાર્થીઓના જીવનમાં 'શિસ્ત' એક અજાણ્યો, અપરિચિત અને વિવાદાસ્પદ નકારાત્મક વિષય બની ગયો છે. એક સમય હતો કે જ્યારે ''સોટી વાગે ચમચમ, વિદ્યા આવે રમઝમ'' ની સ્થિતિ હતી. જેના પરિણામ સ્વરૂપે ખૂબ જ સારી સિદ્ધહસ્ત હસ્તીઓ વિવિધ ક્ષેત્રોમાં આપણે પ્રાપ્ત કરી છે. ને પ્રવર્તમાન કેળવણીમાં શિસ્ત શબ્દ એક ઉદ્ગાર કે કલ્પના કે ભૂતકાળ બની ગયો છે. પરંતુ તેની સામે જે શૂન્યાવકાશથી જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે અને એના પરિણામો રોજબરોજ આપણે અનુભવી રહ્યા છીએ, જે શિક્ષણવિદો સમાજ અને રાષ્ટ્રના હિતેચ્છુઓ માટે એક ગંભીર ચિંતા અને ચિંતનનો વિષય છે. કેળવણીનો સાચો અર્થ માત્ર શાબ્દિક લેખન, ગણન કે વાંચન સાક્ષરતા પૂરતો સિમિત નથી, પણ જીવાતા જીવનમાં ચારિત્ર્ય નિર્માણનો છે. ચારિત્ર્યના પાયામાં 'શિસ્ત' આધિપત્ય રહેલું છે. પરંતુ અફસોસ સાથે કહેવું પડે છે કે આજની આધુનિક કેળવણીની દુનિયામાં આદરભાવ, શિષ્ટાચાર અને શિસ્તના કાર્ડિઓગ્રામની લાઇન સીધી થઈ રહી છે અને કાર્ડિઓની સીધી લાઇન એ જીવન માટે જોખમી ગણાય છે. અશિસ્ત જન્મ પાછળના કેટલાક મહત્ત્વના પરિબળો ગણાવી શકાય તે માટે કેટલીક બાબતોને નિમિત ગણાવી શકાય...

**કૌટુંબિક પારિવારિક જીવન શૈલીનો પ્રભાવ :** આજના ભાગદોડભર્યા જીવનમાં માતા-પિતા બાળકોને પૂરતો સમય આપી શકતા નથી. સંયુક્ત કુટુંબો તૂટવાથી બાળકો પર વડીલોનો અંકુશ ઘટ્યો છે. ઘણીવાર માતા-પિતાનો અતિશય લાડ-પ્યાર પણ બાળકને જિદ્દી બનાવે છે.

**સોશિયલ મીડિયા અને ટેક્નોલૉજી :** મોબાઇલ અને ઈન્ટરનેટના વધુ પડતા ઉપયોગથી વિદ્યાર્થીઓ પોતાની અભ્યાસની શિસ્ત ગુમાવી રહ્યા છે. આભાસી દુનિયામાં ખોવાયેલું યુવાધન વાસ્તવિક જીવનના આચાર, વિચાર, આહાર, વિહાર અને શિષ્ટાચારનું જીવન શિક્ષણ સમૂળગુ વિસરી રહ્યું છે.

શિક્ષાનો (ગરમ આંખ અને નરમ આંખનો સમન્વય) અભાવ અને કાયદાકીય (cover of law and act) મર્યાદાના કારણે વિદ્યાર્થીઓમાં શિક્ષકો પ્રત્યેનો આદર કે એક હકારાત્મક ભય નહિવત થયો છે, જે શિસ્તભંગમાં પરિણમે છે.

**પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ :** સ્વાતંત્ર્ય અને સ્વેચ્છાચાર વચ્ચેની પાતળી રેખા ભૂલાઈ રહી છે. યુવા પેઢી 'મારું જીવન, મારી મરજી' (my life is my philosophy)ના નામે સામાજિક મર્યાદાઓ ઓળંગી રહી છે.

**અશિસ્ત થકી આવતું પરિણામ (output) :**

જ્યારે કેળવણીમાં શિસ્ત નથી હોતી, ત્યારે તેના પરિણામો સારા હોતા નથી. વિદ્યાર્થીઓ/અભ્યાસુમાં સહનશક્તિ અને ધૈર્ય

ઘટે છે. માતા-પિતા, વડીલો અને ગુરુજનો અને સમાજસેવી કે રાજનીતિજ્ઞો પ્રત્યે અનાદર વધે છે. સંવિધાન અને કાયદાકીય વ્યવસ્થાને છડેચોક તોડતો ફરે છે. સામાજિક પરંપરા અને તંદુરસ્ત સમાજ વ્યવસ્થાના મૂલ્યોનું ખનન થાય છે અને ગુનાખોરી હદ બહારની સીમા વટાવી જાય છે જેને નિયંત્રણ કરવું અશક્ય બને છે.

**અશિસ્તનું પ્રમાણ ઘટે અને શિસ્ત તરફી આજની પેઢી વળે જે માટેના કેટલાક અભ્યાસકીય તારણો ઉકેલો :** શિસ્ત એ ઠોકી બેસાડવા (લાદવા not to forcefully impose) ની વસ્તુ નથી, પણ કેળવવાની બાબત છે.

**સ્વ-શિસ્ત (Self-discipline) :** બાળકને ડરથી નહીં, પણ સમજણથી શિસ્તનું (to nurse with softness) મહત્ત્વ સમજાવવું જોઈએ.

**માતા, પિતા, દાદા, દાદી, વડીલ, શિક્ષક-વાલી મિલન :** બાળકની પ્રવૃત્તિઓ પર ઘર અને શાળા બંને જગ્યાએ ધ્યાન અપાવવું જરૂરી છે.

**મૂલ્યનિષ્ઠ શિક્ષણ :** અભ્યાસક્રમમાં નૈતિક શિક્ષણ અને મહાપુરુષોના જીવન પ્રસંગોનો સમાવેશ કરવો જોઈએ.

**ફળશ્રુતિ :** શિસ્ત વગરનું જીવન સુકાન વગરના વહાણ જેવું છે. જો આપણે આવતીકાલના ભારતને મજબૂત બનાવવું હશે, તો શિક્ષણમાં ફરીથી શિસ્ત અને સંસ્કારનું સિંચન કરવું જ પડશે. શિસ્ત એ બંધન નથી, પણ સફળતાનો માર્ગ છે.

**વિચાર વલોણું...**

સાક્ષરતા એ શિસ્તની અંતિમ શરત નથી,

વ્યવહારની મીઠી ભાષા નિરક્ષરમાં પણ જડી... 'ખામોશ'

**(અનુસંધાન પૃષ્ઠ ૩૭ થી ચાલુ)**

હતું. ગોરાને સત્યનું દર્શન સ્વેચ્છાથી થયું નહોતું, વિધાતાના વજ્રપાતથી થયું હતું. આનંદમયીને સત્યનું દર્શન સ્વેચ્છાથી, પ્રેમ દ્વારા થયું હતું. આનંદમયીનો ધર્મ મુક્તિનો ધર્મ છે, પ્રેમનો ધર્મ છે, માનવધર્મ છે, વૈશ્વિક માનવતાવાદનો ધર્મ છે. આનંદમયીની મૂર્તિમાં એક આદર્શ ભારતવર્ષીયની, ટાગોરની મૂર્તિનું દર્શન થાય છે. આનંદમયી સાચ્ચે જ ભારતવર્ષ છે, માત્ર ગોરાને માટે જ નહિ, સૌ ભારતવાસીઓને માટે ભારતવર્ષ છે.

આમ, 'ગોરા' એ ભારતવર્ષની ખોજની નવલકથા છે. સાચું ભારતવર્ષ શું છે? સાચ્ચો ભારતીય કોણ છે? આ પ્રશ્નો 'ગોરા'ના કેન્દ્રમાં છે. ભારત કોઈ એક ધર્મનું, કોઈ એક સંસ્કૃતિનું ભારત નહિ, પણ સૌ ધર્મોનું, સૌ સંસ્કૃતિઓનું ભારત એ જ સાચું ભારત છે. ભારત સૌનું છે, સૌ ભારતના છે. જે ભારતીય એની સિમિત અને સંકુચિત ભારતીયતાને અતિક્રમી જાય છે તે જ સાચો ભારતીય છે. એટલું જ નહિ, એ જ સાચો વૈશ્વિક મનુષ્ય (universal man) પણ છે. 'ગોરા'માં પૂર્વોક્ત પ્રશ્નોનો આ છે ટાગોરનો ઉત્તર? આ છે ટાગોરનું વૈશ્વિક માનવતાવાદનું દર્શન. ટાગોર આ જ દર્શન 'ગોરા' નવલકથા રચી તે જ સમયમાં ૧૯૧૦માં ભારતીય કાવ્યમાં, ૧૯૧૧માં 'જન ગણ મન' કાવ્યમાં અને ૧૯૧૨માં 'ઈતિહાસેર ધારા' વ્યાખ્યાનમાં પ્રગટ કર્યું છે. ટાગોરે 'ગોરા'માં એક રાજકીય ચિંતક તરીકે એમનું રાજકીય ચિંતન પૂર્ણપણે પ્રગટ કર્યું છે. ગોરા સાચ્ચે જ વાલ્મીકિના 'રામાયણ' અને વ્યાસના 'મહાભારત' પછીના ભારતવર્ષનું ગદ્યદેહે વિચરતું ત્રીજું મહાકાવ્ય છે.

(સાભાર : બુદ્ધિપ્રકાશ, ડિસેમ્બર-૨૦૨૫)

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**ધોરણ-૯ના નવા પુસ્તકો આગામી શૈક્ષણિક વર્ષથી લાગુ થશે : NCERT :**

એનસીઈઆરટી દ્વારા એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. જે મુજબ નેશનલ કરિક્યુલમ ફ્રેમવર્ક ફોર સ્કૂલ એજ્યુકેશન - ૨૦૨૩ને ધ્યાને રાખીને નવા પુસ્તકો તૈયાર કરાયા છે. જેમાં ધોરણ ૧ થી ૮ના નવા પુસ્તકો અગાઉ પ્રિન્ટ ડિઝિટલ ફોર્મમાં લાગુ થઈ ગયા છે. હવે આગળના તબક્કામાં ધોરણ ૯ના પુસ્તકો ઉપલબ્ધ કરાશે જે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી સ્કૂલોમાં બાળકોને ભણાવાશે. આ પુસ્તકોને ભણાવતા પહેલાં પૂરતી ટ્રેનિંગ લેવા શિક્ષકોને જણાવવામાં આવ્યું છે. જ્યારે ધોરણ-૧૦ અને ૧૧ના નવા પુસ્તકો ૨૦૨૭-૨૮થી લાગુ થશે. જ્યારે હાલના ધોરણ-૧૦-૧૧ના પુસ્તકો ૨૦૨૬-૨૭માં યથાવત રહેશે.

**નવા શૈક્ષણિક વર્ષથી ખાનગી શાળાઓમાં વોકેશનલ શિક્ષણ દાખલ કરાશે :**

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા તમામ ડીઈઓને પરિપત્ર કરીને આગામી શૈક્ષણિક વર્ષથી રાજ્યની તમામ ખાનગી શાળાઓમાં ધોરણ-૯ થી ૧૨માં વોકેશનલ શિક્ષણ દાખલ કરવા માટે આદેશ કરવામાં આવ્યો છે. હાલ રાજ્યમાં ૫૭૦૦ જેટલી ખાનગી શાળાઓ છે. વધુમાં આ આદેશ મુજબ સ્કિલ આધારિત શિક્ષણ-વિષય દાખલ કરવાની જવાબદારી જે-તે શાળાની રહેશે. જે શાળામાં ધોરણ-૯ અને ૧૦ ચાલે છે, તે શાળાએ ઓછામાં ઓછા બે વર્ષ માટે અથવા વ્યવસાયલક્ષી શિક્ષણના અભ્યાસક્રમ માટે પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ પાસ ન કરે ત્યાં સુધી આ અભ્યાસક્રમ ચલાવવાનો રહેશે.

**યુજી-પીજીના જૂના નાપાસ વિદ્યાર્થીઓ હવે રિપીટર તરીકે પરીક્ષા આપી શકશે :**

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચોઈસ બેઝ ક્રેડિટ સિસ્ટમ હેઠળના યુજી-પીજીના જૂના નાપાસ વિદ્યાર્થીઓ માટે મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે મુજબ આ વિદ્યાર્થીઓને રાહત આપતા જૂના કોર્સમાં જ એટીકેટીની એટલે કે રિપીટર તરીકેની પરીક્ષા આપવા દેવા માટે તક આપવામાં આવી છે. ૨૦૨૩માં નવી શિક્ષણ નીતિનો અમલ થયા પહેલા સીબીસીએસના વિદ્યાર્થીઓએ યુજીસીના નિયમ મુજબ યુજીમાં છ વર્ષમાં અને પીજીમાં પાંચ વર્ષમાં અભ્યાસ પૂર્ણ કરવાનો હતો. પરંતુ અનેક વિદ્યાર્થીઓ

નાપાસ થયા હતા. આથી તેઓને નવેસરથી પ્રવેશ લેવો પડે તેમ હતો. આ સ્થિતિને ધ્યાને લઈ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને તક આપવામાં આવી છે.

**ડિગ્રી-એન્જિનિયરિંગમાં વિદ્યાર્થીઓ સામાજિક ઈન્ટર્નશિપ હવે ફરજિયાત કરવી પડશે :**

જીટીયુની એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ ડીગ્રી ઈજનેરીમાં માર્ક આધારિત પ્રોબલેમ બેઝ લર્નિંગની નવી સિસ્ટમ તેમજ સામાજિક ઇન્ટર્નશિપ દાખલ કરવામાં આવી છે. આ ઉપરાંત પાંચમા સેમેસ્ટરથી વિદ્યાર્થીઓ મલ્ટી ડિસીપ્લિનરી ઓપન ઈલેકટીવ કોર્સ અંતર્ગત અન્ય બ્રાંચના વિષય પસંદ કરી શકશે અને ભણી શકશે. આ ઈન્ટરર્નશિપ ફરજિયાત છે. જે વિદ્યાર્થીએ ચોથા અને પાંચમા સેમેસ્ટરની વચ્ચે કરવાની રહેશે. આ ઈન્ટરર્નશિપ પૂરી કરનારને બે ક્રેડિટ ગુણ અપાશે.

**સીએ ઈન્ટરમાં અમદાવાદના સાત વિદ્યાર્થી દેશના ટોપ-૫૦માં :**

આઈસીએઆઈ દ્વારા જાન્યુઆરી ૨૦૨૬માં લેવાયેલી સીએ ઈન્ટરમિડીએટની પરીક્ષાનું પરિણામ જાહેર થયું. જે સમગ્ર દેશનું બોથ ગ્રુપનું ૯.૩૯ ટકા પરિણામ રહ્યું છે. જ્યારે અમદાવાદ સેન્ટરના સાત વિદ્યાર્થીઓ દેશના ટોપ-૫૦ રેન્કમાં સ્થાન પામ્યા છે. ફાઉન્ડેશન પરીક્ષામાં સમગ્ર દેશમાંથી ૨૧ હજારથી વધુ વિદ્યાર્થી પાસ થતા ૧૯.૨૩ ટકા પરિણામ રહ્યું છે. જ્યારે ઈન્ટરમિડીએટનું અમદાવાદ સેન્ટરનું ૧૩.૧૯ ટકા પરિણામ આવ્યું છે. સમગ્ર દેશમાંથી ૧૦૯૬૯૩ ઉમેદવારો હાજર રહ્યા હતા. જેમાં ૨૧૦૯૯ પાસ થતા ૧૯.૨૩ ટકા પરિણામ રહ્યું છે.

| અમદાવાદના રેન્કર વિદ્યાર્થી | |
|---|---|
| **નામ** | **રેન્ક** |
| બરૂન અગ્રવાલ | ૧૭ |
| પ્રજાપતિ ગૌરવ | ૨૯ |
| કરણ હરવાની | ૩૪ |
| ગુપ્તા નેહા | ૪૨ |
| શાહ કનિષ્કા | ૪૬ |
| મહેતા રિષભ | ૪૬ |
| શાખાવાલા વૈભવ | ૫૦ |

અમદાવાદ સેન્ટરમાં ૩૯૩૭ ઉમેદવારોમાંથી ૮૦૯ પાસ થતાં ૨૦.૫૫ ટકા પરિણામ રહ્યું છે. જે ગયા સપ્ટેમ્બરમાં ૧૮.૯૦ ટકા રહ્યું હતું.

**ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ :**

ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ છેલ્લા પાંચ વર્ષથી શિક્ષકોને પ્રોત્સાહન, ગુણવત્તા સુધાર અને સંવાદથી શ્રેષ્ઠતાની સફર જેવા હેતુઓને લઈને આ સંસ્થા કાર્યરત છે. દર છ મહિને યોજાતી શૈક્ષણિક સંગોષ્ઠિનો નવમો મણકો આદિજાતિ વિસ્તારમાં ધરમપુરના ચાસ માંડવા ગામમાં તા. ૨૦-૨૧ માર્ચના રોજ યોજાઈ ગયા. આ કાર્યક્રમમાં શિક્ષક પુરસ્કાર તેમજ શ્રી શ્યામજી દેસાઈના પુસ્તક ''આધ્યાત્મ અને શિક્ષણ''નું લોકાર્પણ કરવામાં આવ્યું. વિવિધ વિષયોના વ્યાખ્યાનો તેમજ રામચરિત માનસની ઉપયોગિતા વિશે શ્રી તખુભાઈ

સાંડસૂર દ્વારા વાત કરવામાં આવી.

બે દિવસની સંગોષ્ઠિની આભારવિધિ શ્રી શ્યામજીભાઈ દેસાઈએ કરી હતી. સ્થાનિક આયોજન પત્રકાર, શિક્ષણવિદ્ શ્રી મહેશભાઈ ટંડેલ કરી રહ્યા હતા. સમગ્ર આયોજન, સંકલન અને વ્યવસ્થા શ્રી તખુભાઈ સાંડસૂરે કરી હતી.

**મોડાસાની શિક્ષણ સંસ્થા 'કલરવ'ના આચાર્યા શ્રીમતી ઈલાબેન વ્યાસનું સન્માન**

મોડાસાના કલરવ શિશુ વિકાસ કેન્દ્રના પૂર્વ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષિકા અને આચાર્યા શ્રીમતી ઈલાબેન એમ. વ્યાસનું આઠમી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિનના રોજ અમદાવાદમાં સન્માન યોજાયું હતું. 'વુમનકેર' સંસ્થાના આશ્રયે સમગ્ર રાષ્ટ્રમાંથી પસંદગી પામેલી પંચાવન મહિલાઓને ડૉ. ઉન્નતિબેન શાહના નેતૃત્વમાં સ્મૃતિચિહ્ન આપીને સન્માનિત કર્યા હતા. તેમજ દરેક બહેનોએ જીવનમાં જે જે સંઘર્ષ કરેલો તેની ગાથા વર્ણવતું પુસ્તક ''નારી સંઘર્ષગાથા''નું વિમોચન અને વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

ઈલાબેનના આ સન્માનને મોડાસા કેળવણી મંડળના હોદ્દેદારોએ અભિનંદન આપીને વધાવ્યું હતું. તેમજ નગરની અન્ય શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓએ પણ ઈલાબેન વ્યાસને બિરદાવ્યા હતા.

**ટૂંકાવીને...**

- બે વર્ષમાં ૭૫ સરકારી શાળાઓને તાળા લાગ્યા.
- વર્ગખંડની અછતના પરિણામે ૨૬૭૪ સરકારી શાળાઓ પાળી પદ્ધતિથી ચાલે છે.
- નર્મદા જિલ્લામાં ૧૪૫ શાળાઓમાં એક જ શિક્ષક
- નર્મદા-દાહોદ જિલ્લામાં ૧૮૩૩ શિક્ષકોની ઘટ
- ગૂજરાત વિદ્યાપીઠે યુજી, પીજી અને પીજી ડિપ્લોમાના આઠ કોર્સ બંધ કર્યા.
- આ આઠ કોર્સ બંધ થવા સામે ગૂજરાત વિદ્યાપીઠે જરૂરિયાત મુજબના એમ.એસસી., આઈટી., એઆઈના ત્રણ નવા કોર્સ શરૂ કર્યા.
- પી.જી. મેડિકલનું શિક્ષણ આપવામાં બેઠકની દૃષ્ટિએ ગુજરાત દેશમાં સાતમા ક્રમે


# સંસ્થા સમાચાર

**શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ શાળાને રૂા. ૫૦,૦૦૦/-નું દાન આપ્યું :**

સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલયમાં અભ્યાસ કરી ગયેલ ૧૯૮૫ના વિદ્યાર્થીઓ દ્વારા એક ટ્રસ્ટ બનાવવામાં આવ્યું છે. આ ટ્રસ્ટ સમયાંતરે શાળાને દાન આપે છે. આ ટ્રસ્ટ દ્વારા આ વર્ષે શાળાને ફી પેટે રૂપિયા ૫૦,૦૦૦=૦૦ નું દાન આપ્યું છે. જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આ રકમમાંથી ફી ચૂકવવામાં આવે છે.

સરસ્વતી વિદ્યામંડળ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની દાન આપવાની આ ઉત્તમ પ્રવૃત્તિને બિરદાવી આભારની લાગણી વ્યક્ત કરે છે.


# પ્રકાશન વિભાગ



**શિક્ષણપ્રયોગ**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૨૨૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**ડોલ્ટન યોજના**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૭૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**વિરલ વિદ્યાપુરુષ**
ડૉ. મોહનભાઈ પંચાલ
કિંમત : ૧૦૦/-
પ્રકાશક : હરભાઈ સ્મારક નિધિ




**શિક્ષણ વિચાર**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**જીવનલક્ષી શિક્ષણ**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**કોઈએ નહોતું કીધું**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૪૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**સ્મરણયાત્રા**
જશીબેન નાયક
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**સપનાં થયાં સાકાર**
હરિત પંડ્યા
કિંમત : ૧૨૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**સ્મૃતિ સુમન**
કિંમત : ૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**કાળી વાદળી ઉજળી કોર**
જશીબેન નાયક
કિંમત : ૧૬/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**સ્મૃતિના અસવાર**
જશીબેન નાયક
કિંમત : ૪૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**LIGHT IN THE EAST**
FREDA WHITLAM
Price : 40/-
Publisher :
Saraswati Vidya Mandal

NEW



**સંભારણાં**
કિંમત : ૧૭૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW



**સ્મૃતિ ઝરણાં**
કિંમત : ૧૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW



**સ્મરણ પુષ્પ**
કિંમત : ૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW




**સરદાર ગાથા**
કિંમત : ૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

ઘરશાળા
મે-૨૦૨૬

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૦૦/-

# પથ્ય

ભારતની પ્રજામાં ગંદકી પ્રત્યે જે સૂગ હોવી જોઈએ તે ઝાઝી જોવા નથી મળતી. ગંદકી આપણને બહુ ખલેલ નથી પહોંચાડતી. ગંદકીનો આવો સ્વીકાર દુનિયામાં ક્યાંય જોવા નહીં મળે. ગંદકીથી ખલેલ પામનારા સૌ પ્રથમ સાધુ સ્વામી વિવેકાનંદ હતા. ગરીબી અને ગંદકી વચ્ચેના બહેનપણાંના કારણે આપણી હોસ્પિલોમાં ઢગલાબંધ દર્દીઓ માખોની માફક બણબણતા રહે છે. વેદ-ઉપનિષદ્ ગીતાના વારસા અને વૈભવ અંગે ચારેય લેનારી આ પ્રજાનો બહુ મોટો વર્ગ અભણ છે. બચારા અને બચરવાળ ‘ભૂખ્યાંજનોનો જઠરાગ્નિ’ જાગશે અને ‘દારિદ્રારણ્યથી દાવાનળ’ ભભૂકી ઊઠશે એવી કવિ ઉમાશંકરની આગાહી અહીં ખોટી પડી છે. એક ગ્લાસ દૂધ સંતાનને આપી ન શકે એવી માતાનું ગર્ભાશય ભરેલું રહે છે. આપણે ત્યાં રોગ નિયમ છે અને આરોગ્ય અપવાદ છે. સભ્ય સમાજમાં એથી ઊલટી પરિસ્થિતિ છે. ગાંધીજી માંદગીને લગભગ અપરાધ ગણતા અને પોતાની માંદગીને તો આધ્યાત્મિક ભૂલ તરીકે જોતા.

- ગુણવંત શાહ

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું